# PAHLAVI, GUJARÂTI AND ENGLISH DICTIONARY.

BY

JAMASPJI DASTUR MINOCHEHERJI JAMASP ASANA,

FELLOW OF THE UNIVERSITY OF BOMBAY, AND

MEMBER OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY.

VOLUME II.

A.Y. 1248. A.C. 1879.

BOMBAY—JEHANGIR BEJANJI KARANI, 18, PARSI BAZAR.

LONDON—MESSRS. TRÜBNER & CO., 57 & 59, LUDGATE HILL.

BOMBAY:

PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

# પેહેલવી-ગુજરાતી અને ઇંગ્રેજી શબ્દકોષ.

રચનાર,

જામાસ્પજી દસ્તુર મીનોચેહેરજી જામાસ્પ આસાના,

મુંબઈની યુનીવરસીટીનાં ફેલો, અને મુંબઈની રાયલ એસી-
આટીક સોસાઈટીના મેમ્બર.

---

દફતર ૨ જું.

---

સને ૧૨૪૮ યજદજરદી.　　સને ૧૮૭૯ ઈસવી.

મુંબઈ—જેહાંગીર બેજનજી કરાંની,
ના૦ ૧૮, પારસી બજાર.

લંદન—મીસીઅરસ ત્રુબનરની કુંપની,
૫૭ અને ૫૯, લદગેત હીલ.

૧૨૭૭

મુંબાઈ મધ્યે
એજયુકેશન સોસાઈટીનાં છાપખાનામાં છપાવી પ્રગટ કરયું છે.

# OPINIONS ON VOLUME I.

*Pahlavi, Gujarâti, and English Dictionary.* By Jamaspji Dastur Minocheherji Jamasp Asana. Vol. I. Bombay Education Society's Press, 1877. (London: Trübner & Co., 1877.)

(*Bombay Government Gazette*, 9th August 1877.)

A PRAISEWORTHY attempt to supply the desideratum of a Dictionary of a difficult and obscure dead language. To the Dictionary is prefixed a pretty long essay, under the name of Introduction, in which the origin and age of the Pahlavi language are discussed.

(*Academy*, 8th September 1877.)

THE partial publication of the first attempt at a complete Dictionary of the Pahlavi language may perhaps be taken as an indication that the study of Pahlavi is beginning to emerge from the mythic state in which the dogmatic scepticism of some writers and the misplaced ingenuity of others have hitherto managed to involve it. It is hardly creditable to the good sense of English scholars that they should have so utterly neglected the numerous Pahlavi manuscripts which, for more than a century, they have known to be still preserved by their fellow-subjects—the Parsis in Western India. That this neglect has been due rather to prejudice than to any shrinking from difficulties on their part is evident from the labour and ingenuity which they have so successfully spent upon the cuneiform and hieroglyphic records, which were originally far more inaccessible and complicated than the Pahlavi writings. Deserted by English scholars, to whom they had a right to look for advice, the Parsis have had to rely upon the assistance of Frenchmen, Danes, and Germans in studying their religious literature, and have begun, at last, to make researches themselves. They have already published several Pahlavi texts and a good Grammar of the language, and now issue the first instalment of a complete Dictionary.

. . . . . . . . . .

Dastur Jamaspji's Dictionary, when complete, will give nearly all the traditional readings of each written form which the student is likely to meet with, arranged in a convenient order for reference, together with the traditional explanation of each reading. This information

will be a most important assistance to the Oriental scholar, even in those cases where he may prefer his own readings and explanations to those handed down by tradition, as it will enable him to identify the words with certainty. . . . . . . .

Dastur Jamaspji commences his work with an Introduction, both in English and Gujarâti, in which he discusses the age, origin, and meaning of Pahlavi and Huzvârish. . . . . .
He gives afterwards a table of the Pahlavi letters and their various compound forms and readings, with an explanation of the alphabetical order adopted in the Dictionary. This is based upon the order of the letters in the Sanskrit and other Indian alphabets, which is perhaps the most convenient arrangement for the Parsis, whose vernacular is Gujarâti. . . . . . . .

The Dictionary itself, in this first instalment, extends to 168 pages, and contains the explanation of more than 1,400 words. Each word is given in the Pahlavi character with its traditional pronunciation, both in Gujarâti and Roman type, followed by its meaning both in Gujarâti and English. Some of the more unusual words have references to the works in which they have been found; and in many cases the Avesta and Persian synonyms are given, but the author has wisely refrained from venturing too far into etymological speculation. His object has been to produce a Dictionary which shall be practically useful to the reader of Pahlavi texts; and with this view he has arranged all the verbal forms in their alphabetical order, as in a vocabulary, and not collected under their primary forms; he has also introduced many double words which are not strictly compounds, and many corrupt forms which are attributable to the eccentricities of copyists. Some persons may consider this mode of compilation objectionable, but it will certainly be convenient to the student to find all probable readings of any combination of letters arranged in juxtaposition.

With regard to the copiousness of the Dictionary there can be no question, although it is difficult to compare it with other glossaries, because of the differences in alphabetical arrangement. It may, however, be estimated to contain about twenty times as many words as have been published in previous glossaries, so far as this first instalment goes. The meanings attached to the several words appear to be fairly correct, and it would be hazardous to object to any of them without examining the texts in which they occur. . . . . . .
The collection and preparation of materials for this Dictionary have been the work of many years, and were commenced by the author's

father. Being in possession of an extensive library of manuscripts, and assisted by the loan of manuscripts from other libraries, the author has been able to collect the words occurring in nearly the whole of the Pahlavi literature known to be extant, the amount of which may be estimated at about forty times that of the *Bundahish.* The progress of Pahlavi studies during this period of preparation has more than once compelled him to recast his work, till it has assumed a practical form which will render it an indispensable book of reference for all Pahlavi students, whether Parsi or European, as soon as it is completed. They have only to hope that Dastur Jamaspji will soon be enabled to finish the work he has so ably begun.

E. W. WEST.

---

(The *Revue Critique,* No. 37, 15th September 1877, Article 176.)

ONE of the great practical difficulties which hinder research in Pahlavi is the absence of a dictionary. Till now it has been limited, and wisely so, to the preparation, so fast as the publication of the texts advanced, of vocabularies of the terms which they contain. . . . . . . . . . Here at last is a regular Pahlavi Dictionary, of which the first volume has just appeared; it is the work of one of the most respected priests of the Zoroastrian community of Bombay, Dastur Jamaspji Minocheherji Jamasp Asana.

If it be recollected what was said in the *Review,** some time ago, about the general character of the Pahlavi writing, about the multiplicity of sounds which the greater part of the characters and combinations of characters represent, it will be understood that the preparation of a Pahlavi dictionary presents a special difficulty of its own which at first sight seems insurmountable, namely, how to arrange the words so that the student can find them when he looks for them. . . . . . . . . In truth a Pahlavi dictionary can only be a dictionary of characters, and not one of words; the words ought to follow each other according to the form of the character, and not according to its sound; this is the only scientific and safe system; this is the system founded by M. West in his excellent glossary of the *Ardâ Virâf,* which is the model of the class. This is the system which M. Jamaspji has adopted. The author arrived at it independently of M. West, and by his own judgment (p. cxiv.). This fact does him great

---

* No. 33 (18th August 1877), article 156.

honour, and shows a true scientific intuition. This volume contains the words beginning with the character for *a* (pp. 1–42), with the group *aa* (pp. 42–87), and the greater part of the words beginning with the group *aav* (the volume stops at the group *aavv* and word *khahand*). The words which it contains are borrowed not only from the texts published and known in Europe, but also from unedited works, such as the *Dâdistân*, the *Nirangistân*, the Pahlavi *Rivâyats*, which are frequently cited. This work, therefore, brings new and varied materials to our knowledge, and on this account M. Jamaspji has every right to the gratitude of the admirers of Pahlavi. . . . . . . . This is the first attempt made to arrange a general catalogue of Pahlavi forms, and, as we have seen, this catalogue errs not through poverty, but through excess of riches. It is an undertaking which does great honour both to the enterprise of the author and to his learning, and it exhibits an extent of reading which is rarely met with. One merit peculiar to the work, and which we hope will appear more in the continuation, consists in the information which the author is in a position to furnish, better than any one, about liturgical and mythical terms; he has had little opportunity for this in the first volume; we may, however, cite the articles *hâvanân* (p. 166), *Hôshhang* (p. 118), &c. . . . . . Although we cannot assent to all the ideas expressed in the Introduction, let us hasten to add that the theological spirit which animates it has nothing of that exclusive and aggressive character that we are always in danger of meeting with in countries less distant. Dastur Jamaspji is imbued with a deep and sincere sympathy for European learning; and while pointing out, vigorously and very justly, the claims to fame on the part of the old Dasturs (who have preserved the traditions of Zoroastrian learning from the Middle Ages even to our own times, and were the first teachers of European scholars), he proclaims with feeling and gratitude the services rendered by the latter, in their turn, to Parsi learning and religion: "We are also greatly indebted to them," &c. (see Introduction, xvii., xviii.) "in cordially thanking them for the facilities of study they have given us." Such are the sentiments which animate the upright and intelligent Parsi priesthood, which does not imagine its creed endangered by being submitted to scientific investigation, but exalts it by its tone of learning and its wide toleration.

JAMES DARMESTETER.

(*Native Opinion*, October 7, 1877.)

THE progress of every kind of learning would have been much more rapid had the facilities for publishing books been as great as now, when they are printed by thousands of copies, whilst in former times they existed only in manuscripts, and a student was, considering their high price, generally compelled to copy those he needed most. Pahlavi was one of the languages the acquisition of which was, down to our times, fraught with great difficulties, inasmuch as neither grammars nor dictionaries nor other Pahlavi books could be easily procured. Of late, however, the persevering efforts of scholars, in connection with the aid afforded by liberal patronage, have in a great measure removed the greatest obstacles from the path of students, and the most recent publication of this kind is Dastur Jamaspji's *Pahlavi Dictionary*, specimens of which have, before its appearance in print, been submitted in manuscript to the late Dr. Wilson, to Dr. E. W. West, to Dastur Hoshang Jamasp, to Mr. Dhunjeebhoy Framji, to Mr. K. R. Cama, and to Dr. F. C. Andreas, all of whom approved of the plan and made various judicious suggestions, so that the work may be said to have come out backed by competent authorities. . . . . . . .
. . . . . This Dictionary must be considered as an extremely valuable contribution to Pahlavi literature ; it ought to be patronized so as to encourage him to bring his whole work to a successful issue.

---

(*Bombay Gazette*, 17th October 1877.)

. . . . . . . . . . .

WE now come to the second indispensable requirement, a dictionary, and consequently to the notice of the work before us. A dictionary is, as it were, the storehouse of a language, and its austere character and grave authority stand towards the student almost in the same position as a mentor. The want specially of a Pahlavi Dictionary as a standard authority for consultation may be easily imagined when we consider that formerly the study of the language could only be pursued under the tuition of different teachers, who held different opinions upon points of importance, and who cried down each other as propounders of false teachings. Bewildered by such conflicting doctrines, and doubtful which was true, the student generally gave up the pursuit in despair of ever gaining the goal of success when the signposts pointed to such different directions. No attempt at a complete *bonâ fide* dictionary has been ever made before the present work. Glossaries of words have

certainly been appended to various editions of the ancient Pahlavi books by Dr. Martin Haug, Dastur Peshutanji, and several other Oriental scholars, but these of course could be useful only within a limited sphere. The present work aims at something far more complete and universal, and stands towards such glossaries as a broad river stands towards a tiny rivulet. Its object seems to be, as it were, a glossary of glossaries, or a universal collection of words culled from all the ancient Pahlavi records now extant. The labour of arranging these words is, it must be acknowledged, one of supreme difficulty, which, when we consider that this is the first part, has yet to be encountered and overcome. If the same zeal and ability are displayed in the future parts as are undoubtedly shown in the present one, we may predict for the author a brilliant success. Though now only standing on the threshold, still he has rolled away the first stone from the cave of knowledge, and has made a good beginning, which is proverbially half the battle. Nearly 2,000 words are here collected, which we do not consider could have been more lucidly explained and ably arranged than is done here. As the author states in the preliminary note, the composition of a dictionary of an obscure and difficult language like the Pahlavi must not be placed on the same footing as that of a known and current tongue, the labour of reference and general research being enormous. Even in a current language the work is by no means light, as, to take for example, a current language of the day, we see dictionary superseding dictionary as new words creep in and meanings of old words are entirely changed or modified. If the composition of these requires labour and learning, in how much greater a degree are they required in a work like the present? We must consider the author wise in publishing his work in successive parts: first because it will bring it within the reach of many who could not spare the cost of the complete dictionary in a lump sum, and secondly because it will enable him to rectify errors and supply additions in the part succeeding the one in which they occur or are deficient.

The tables annexed to the Introduction very lucidly explain the compound forms of letters, their mutual combinations, and the alphabetical order of the compilation. In the body of the work the words are arranged first in their phonetic rendering into Gujarâti and English, and then with their significance in the same languages. Besides these, he has shown the various modes in which they are pronounced or spelt in different books, the names of which are added for reference. Words uniform in shape but differing in pronunciation are arranged according

to their orthography, which materially aids the student in searching for them. The original form in which the work was intended to appear seems to have been as a simple Pahlavi-Persian Vocabulary, which was begun by the author's father and abruptly stopped by his lamented death, when it was continued by the author.

Feeling, however, that the work would prove of much greater usefulness, and circulate in a far more extended sphere, both in Europe and India, by the addition of English to the Gujarâti meanings, the author determined to issue it in its present enlarged form, though thereby entailing an immense increase of labour and expense, which it is hoped will be practically rewarded by a large sale of the work. When we consider the author's manifold duties and responsibilities as high-priest of the Parsees in Bombay, we may wonder that he found leisure to employ his mind upon so great an undertaking. He seems to have been very careful to submit his project to the opinions of other scholars before venturing on its publication, for we find appended to the Introduction several letters from the late Dr. Wilson, Dr. West, Dustoor Hoshungji Jamaspji, and other eminent Orientalists, warmly approving of MS. specimens of the work submitted for their inspection, and highly eulogistic of the general object of the undertaking. The fact of his having sought their opinions clearly proves that he is earnest in the pursuit of his enterprise, and chooses rather to seek the opinions of others than trust to his own abilities. This speaks well for the reliability of the work. . . . . . . . . . .

We feel sure that, if the work is as well continued as it has been begun, the recognition and appreciation of this ancient language will become far more wide-spread than it is at the present day. We heartily wish the Dustoorji Saheb every success in his patriotic undertaking.

---

(*Bollettino Italiano degli Studii Orientali*, 25th June 1877.)

UNTIL now, there was published only one small Dictionary of the Pahlavi language. This is the first attempt at a complete and regular Pahlavi Dictionary, interpreted with the assistance of Gujarati and English, and we are indebted for this to a learned Parsee Orientalist of Bombay, himself a son of a learned Orientalist who had not completed the work, now happily finished. The work commences with a preliminary note, in which the author explains the method he has followed. The same is followed by a long, interesting, and cleverly written introduction, about the position of the Pahlavi language as compared with the other Aryan languages, and with the Persian in parti-

cular; also a minute description of the Pahlavi alphabet . . . . . But other similar notices are very rare, and less important to a learned native, for which, however, all European Aryanists must feel grateful to the author for this precious work.

ANGELO DE GUBERNATIS.

---

(*Times of India*, November 23, 1877.)

WHILST the labours of some of our great Danish and German scholars in the field of Oriental learning are known and appreciated, the Parsees are not far behind them in similar pursuits. . . . . . . We have now before us an important work by Dustoor Jamaspji, in the shape of a Pahlavi Dictionary, embodying the result of hard work and considerable acumen.

Pahlavi is one of the most difficult of Oriental languages. It has hitherto baffled the efforts of some of the greatest scholars in their attempts to interpret some of its dark and obscure passages, and its peculiar and mysterious idioms. This difficulty was greatly enhanced by the absence of a grammar and a dictionary, which are indispensably necessary for the acquisition of any language. They may justly be styled the eyes of a language. We are glad to observe that both these wants have now been supplied, and in a way that will reflect credit on their respective authors. We have now more than one Pahlavi grammar and a Pahlavi dictionary, the last of which demands our attention. . . . . . . . It is, indeed, the result of much labour. The importance of a work like the present has long been felt. Several compilations in the shape of small glossaries have been given to the public, but no scholar has yet attempted to give a complete dictionary of the Pahlavi language. It is therefore highly gratifying to see that a Parsee Dustoor has come forward to supply this long-felt want. We congratulate our author on his having fairly started a work that has the credit of being the first of its kind. It will doubtless be of great use to native as well as European students. The work contains, unfortunately, many errors. But errors there must be,—they cannot possibly be avoided in works of the kind. We can afford to pass over them, on the ground that the work is peculiar. Moreover, it is the first attempt of our author, and, as such, deserves to be encouraged. . . . . .

This is a brief notice of the Pehlvi Dictionary. Its importance will be admitted even by European scholars. . . . . . . . . .

(*Bibliographische Anzeigen*, 1877.)

THE work before us had already been begun by the father of the author, Minocheherji Edalji Jamasp Asana, after the pattern of the Burhan-i-Kati, in Pehlavi as well as in Persian; the son has given the translation of the words in Gujarati and English, and the deserved acknowledgments of Dr. J. Wilson, Dr. West, Hoshang Jamasp, Dhunjeebhai Framji, Khurshedji Rustomji Cama, and Dr. Andreas are printed in both languages at the end of the preface. . . . . . . .

From the foregoing it can be seen that the proffered fund of the Pahlavi language is capable of many corrections; it is to be desired that Dustoor Jamaspji Minocheherji, while continuing his great and well deserving work, will allow the critic a larger field; notwithstanding we cannot but bestow our best thanks for the rich material, for the greater part not accessible to us in Europe, which he has published, and will yet publish for the enrichment of our knowledge of the Pehlavi language.

FERDINAND JUSTI.

(*Trübner's American and Oriental Literary Record*, 1877.)

PAHLAVI scholars will be glad to learn that the first volume of the long-expected *Pahlavi, Gujarâti*, and *English Dictionary*, by Jamaspji Dastur Minocheherji Jamasp Asana, has now been published. The work was designed and commenced by the father of the author, who, as the high-priest of the Parsee community at Bombay, was in a specially favourable position to collect the fragments of this ancient tongue and to draw them to the light. At the suggestion of the well-known Orientalist Mr. K. R. Cama, a Gujarâti and an English translation of the Pahlavi words have been added to enhance the usefulness of the book, which has also had the benefit of the co-operation of Drs. E. W. West and Andreas. . . . . . .

(*Journal of the Indian National Association*, March 1878.)

VERY lately a Parsee *Dustoor* published the first volume of a Pehlvi, Guzerati, and English Dictionary, the only book of its kind, and a work of much persevering labour.

THE Dictionary, as far as I can see, is the result of immense labour, and offers a very valuable assistance to the reading and understanding of the still difficult and puzzling Pehlavi.

Professor N. L. WESTERGAARD.

(*Essays on the Parsis*, by Dr. Martin Haug,
2nd Edition, page 61.)

In concluding these remarks upon the progress of Zoroastrian studies among the Parsis, it may be mentioned that Dastur Jamaspji Minochiharji Jamaspasana of Bombay has been engaged for many years in collecting materials for a Pahlavi Dictionary, the first part of which is now in the press. This Dictionary is likely to be exceedingly useful, being by far the largest collection of Pahlavi words hitherto made. . . . . . . . . . . It will adhere strictly to traditional readings and interpretations, of which it ought to form a permanent record, valuable to all parties in these times of progressive transition.

# આ પુસ્તકના પેહેલા ભાગ ઉપર અપાયલાં મતો.

પેહેલવી—ગુજરાતી અને ઈંગ્રેજી શબ્દકોષ રચનાર દસ્તુર જામાસ્પજી માનોચેહેરજી જામાસ્પ આસાના—ભાગ ૧ લો.

(ગવરમેંત ગેઝેત, તારીખ ૯ મી આગસ્ત ૧૮૭૭).

એક અધરી અને ગુઢ મહુદ ભાષાના શબ્દકોષની ખુટ પૂરી પાડવાને એક તારીફલાયક કોશેશ કરવામાં આવી છે. શબ્દકોષની પેહેલાં દીબાચાને નામે એક સુંદર લાંબો નિબંધ આપવામાં આવ્યો છે, જેમાં પેહેલવી ભાષાની સરૂઆત તથા તેના જમાના વિષે તકરાર ચલાવવામાં આવેલી છે.

(ધી એકેદેમી, ૯ મી સપતેમ્બર ૧૮૭૭).

જે પુરાણોક્ત હાલતમાં કેટલાક લખનારાઓનું મતવાદી નાસ્તીકપણું અને બીજાઓની ખોટી કલ્પનાઓ પેહેલવી ભાષાના અભ્યાસના બાબમાં હમણાં સુધી સમાયલાં હતાં, તેવી હાલતમાંથી એ ભાષાના બહાર નીકલી આવવાની સરૂઆતની એક નિશાન તરીકે કદાચ એ ભાષાના એક સંપૂર્ણ શબ્દકોષ પાછલ થતી પેહેલવેહેલી કોશેશનો આ છપાયલો ભાગ ગણી શકાય. એક સદી કરતાંબી વધારે અગાઉ અંગ્રેજ વિદ્યાર્થીઓનાં જાણવામાં આવ્યું હતું કે તેઓનાં પોતાનાં રાજમાં વસનારા પશ્ચિમ હિંદુસ્થાનના પારસીઓએ પેહેલવી ભાષાના પુષ્કલ હસ્તલેખો હજુ સુધી જાલવી રાખ્યા છે, તે છતાં, તેઓએ એ હસ્તલેખો મેલવવા પાછલ સદંતર ગફલતી કીધી એ તેમની નેક બુદ્ધિને મુદલ જેબ આપતું નથી. તેઓએ મેહેનતને લીધે નહીં, પણ ઘણુંકરીને કંઈક વેહેમને લીધેજ એ ગફલતી કીધી હોય, એવું, એ ભાષાનાં લખાણ કરતાં વધારે અગમ્ય અને ગુંચવણ ભરેલા ખીલારીકા તથા સંકેતિક અક્ષરરીકા લેખો પાછલ તેઓએ ફતેહમંદીથી જે મેહેનત અને ચતુરાઈ વાપરી છે તે ઉપરથી ખોદ્દલું માલમ પડેછે. અંગ્રેજ વિદ્યાર્થીઓ (જેમની મસલહત પુછવાને પારસીઓને પેહેલ્લો હક છે) ની આ બેદરકારીને લીધે પારસીઓને, પોતાના ધરમને લગતાં ભાષાજ્ઞાનના અભ્યાસને સારૂ, ફેંચો, વલંદાઓ અને જર્મનોની મદદનો આધાર લેવો પડતો હતો; અને અંતે તેઓએ પોતેજ નવી નવી શોધો કરવાને સરૂ કીધું છે. તેઓ પેહેલવી ભાષાની ઘણીક પ્રતો તથા એ ભાષાનું

સારૂં વ્યાકરણ છપાવી બહાર પાડી ચુકા છે, અને હવે એક સંપૂર્ણ શબ્દકોષનો પેહેલો ભાગ પ્રગટ કરવાને સરૂ કીધું છે.

દસ્તુર જામાસ્પજીનો શબ્દકોષ જ્યારે સંપૂર્ણ થશે ત્યારે કેતાબોમાં લખાયલી મલી આવતી દરેક શીકલનાં દસ્તુરોથી થતા આવેલાં ઘણાં ખરાં સઘલાં વાચનો તથા તેમના અર્થો શોધવાને અભ્યાસીઓને સવલ પડે એવી રીતે તેમાં શબ્દો ગોઠવાયલા આપણને મલી આવશે. આએ વાચનોથી કરી એ શબ્દકોષ પુર્વ દેશની ભાષાઓના અભ્યાસીને સઉથી અગતની મદદ થઈ પડશે; અને વલી જે અભ્યાસી દસ્તુરોથી થતા આવેલા ઉચ્ચારો અને અર્થો કરતાં પોતાનાં વાચન તથા અર્થને વધારે પસંદ કરતો હશે, તેને પણ સઉથી અગતની મદદ થઈ પડશે, કારણ કે એ શબ્દકોષથી કરીને બોલોનું વાચન ખાતરીથી સિધ્ધ કરી શકાશે. . . . દસ્તુર જામાસ્પજી પોતાનો આ ગ્રંથ ગુજરાતી તથા ઈંગ્રેજી એ બંધે ભાષાઓમાં દીબાચો આપી સરૂ કરેછે, જેમાં પેહેલવી ભાષાના પુરાતમપણાં બાબે તથા તેની સરૂઆત બાબે અને પેહેલવી તથા હુજવારેશ એ બેઉ બોલના અર્થે બાબે તકરાર ચલાવવામાં આવી છે. . . . ત્યાર પછી પેહેલવી હરૂફો તથા તેમની તરેહવાર જોડાયલા શિકલો અને તેમનાં વાચનોના કોઠા આપવામાં આવ્યા છે, અને તેની સાથે આ શબ્દકોષમાં દાખલ કીધેલી ધોરણ વિશે સમજ આપવામાં આવી છે. આએ કોઠાઓમાં મૂલાક્ષરોની ગોઠવણ સંસ્કૃત અને એવી બીજી હિંદુસ્થાનને લગતી ભાષાઓના મૂલાક્ષરોને કાયદે કરવામાં આવી છે, જે પારસીઓને માટે, તેઓની બોલાતી ભાષા ગુજરાતી હોવાને લીધે, ઘણીજ સેહેલ થઈ પડશે.

આ પેહેલા ભાગમાં શબ્દકોષના ૧૯૮ સફા સમાયલા છે, અને તેમાં ૧,૪૦૦ થી વધારે શબ્દોની સમજણ આપવામાં આવેલી છે. દરેક બોલ પેહેલવી હરૂફમાં આપ્યો છે, તે સાથે તેનો ગુજરાતી તથા રોમન હરૂફે આગલા વખતથી થતો આવેલો ઉચ્ચાર આપ્યો છે, અને તેની પુઠે ગુજરાતી અને ઈંગ્રેજી એ બેઉ ભાષામાં અર્થ આપેલા છે. કેટલાક વધારે અસાધારણ બોલોને માટે કેતાબોનો હવાલો આપવામાં આવ્યો છે; અને ઘણે ઠેકાણે પેહેલવી બોલને મલતા અવસ્તા તથા ફારશી ભાષાઓના બોલો આપેલા છે. પણ ધાતુ સંબંધી કલ્પનામાં ગ્રંથકર્ત્તાએ ઝોંકાવ્યું નથી તેમાં તેઓએ ડાહાપણ કીધું છે. પેહેલવી ભાષાની મતો વાંચનારને વેહેવારોપયોગી થાય એવા હેતુથીજ તેવણે આ શબ્દકોષ રચ્યો છે; અને તેથીજ તેવણે શબ્દોને, એક ફરહંગમાં શબ્દો ગોઠવવામાં આવે તેમ, તેમના અસલ લખાતા આકાર પ્રમાણે એકઠા કરવાને બદલે, તેમના બોલાતા આકારોને મૂલાક્ષરના અનુક્રમે ગોઠવ્યા છે.

તેવણે ઘણાક બેવડાયલા શબ્દો દાખલ કીધા છે, જે ચોકસ કરીને મિશ્રીત શબ્દો તરીકે ન ગણાય; અને શબ્દોના ઘણાક બગડેલા આકારો આપેલા છે, જે નકલ કરનારાઓનાં બેઢંગાપણાંને લીધે બનેલા છે. કેટલાક વિદ્યાર્થીઓ એ ગોઠવણીની રીતને વાંધા ભરેલી ગણે, પણ એ ભાષાના અભ્યાસીને એકજ જગામાં ગોઠવાયલાં કોઈબી શબ્દનાં સઘલાં ધ્યાનમાં ઉતરે એવાં (અનુસરતાં) વાચનો શોધવાને ખચીત સેહેલું થઈ પડશે. જોકે, આ શબ્દકોષની ગોઠવણીની ધોરણ બીજી ફરહંગોથી જુદી હોવાને લીધે, તે ફરહંગો સાથ સરખાવવાને અઘરૂં છે તે છતાં, આ તેના વિસ્તાર (સંપૂર્ણતા) માટે તો કંઈબી શક લેઈજવાઈ શકાશે નહીં. તોપણ જેટલો આ પેહેલો ભાગ વિસ્તારાયલો છે, તે પ્રમાણે જોતાં તો, આગલ છપાયલી ફરહંગોમાં જેટલા બોલોનો સંગ્રહ સમાયલો છે, તેના કરતાં વીસઘણો મ્હોટો સંગ્રહ આ શબ્દકોષમાં સમાશે, એવો અટકલો થઈ શકેછે. ઘણા ખરા બોલોના અર્થો ઘણા સહી (શુદ્ધ) માલમ પડેછે, અને જયાંસુધી જે પ્રતોમાંથી એ બોલોને લીધા હોય, તે પ્રતો સાથ તેમના અતરે થયલા અર્થોને આપણે સરખાવીએ નહીં ત્યાંસુધી, તેમાંના કોઈબી અર્થને સારૂ શક લેઈજવો એ જોખમ ભરેલું છે. . . . .

આ શબ્દકોષ બનાવવા તથા તેમાં સમાયલી બાબદો એકઠી કરવા પાછલ ગ્રંથકર્ત્તા ઘણાં વરસનાં કામે લાગેલા છે, અને એની સરૂઆત તેવણના બાવાથી થઈ હતી. પોતા પાસે હસ્તલેખોનું એક મ્હોટું કેતાબખાનું હોવાથી તથા બીજા પુસ્તકખાંનાના હસ્તલેખોની મદદ મલવાથી, પેહેલવી ભાષાનો એલમ જેટલો હાલે હસ્તી ભોગવે છે, તેટલામાં સમાયલા સઘલા બોલો એકઠા કરવાને ગ્રંથકર્ત્તા સાગર્થ્યવાન થયા છે, જેનો જુમલો બુનદેહેશમાં સમાયલા બોલો કરતાં આસરે ચાલીસ ઘણો વધારે અંકાઈ શકાય. પેહેલવીના અભ્યાસનો વધારો થવાને લીધે, જયાંસુધી આ શબ્દકોષની વેહેવારોપયોગી ગોઠવણ બની નહીં ત્યાંસુધી, ગ્રંથકર્ત્તાને વખતે વખત તેમાં ફેરફાર કરવો પડયો હતો, અને આ છેલ્લી ગોઠવણથી જયારે એ પુસ્તક પૂરૂં થશે ત્યારે પેહેલવી ભાષાના પારસી તેમજ યુરોપીઅન વિદ્યાર્થીઓને એક અગત્યના સાધનની કેતાબ થઈ પડશે. દસ્તુર જામાસ્પજીએ આટલી બધી કાબેલીઅતથી જે ગ્રંથ સરૂ કીધો છે, તે પૂરો કરવામાં જલદીથી શકિતવાન થાય, એવું એ ભાષાના અભ્યાસીઓએ માત્ર ઈચ્છવું જોઈએ. **ઈ. ડબલ્યુ. વેસ્ત.**

---

**(રીવીઉ ક્રિતીક, ૧૫ મી સપતેમ્બર ૧૮૭૭. આંક ૩૭ મો, કલમ ૧૭૬ મી).**

**પેહેલવી ભાષાના એક શબ્દકોષની ગેરહાજરીબી એ ભાષાને લગતી શો- ધોને અટકાવનારી અગતની અડચણોમાંની એક અડચણ છે. હમણાં સુધી**

એ ભાષાનો શબ્દકોષ હદમાં રહેલો હતો, અને જેમ જેમ એકેકી પ્રત છપાતી ગઈ તેમ તેમ તે દરેકમાં સમાયલા બોલોને લગતીજ ફરહંગ તેના છપાવનારાઓએ આપી હતી. . . હવે અંતે મુંબઈની જરતોસતી કોમનાં સઉથી માનપામેલા દસ્તુરો મધેનાં એક, દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાનાએ એક કાયદાસરનો સંપૂર્ણ શબ્દકોષ બનાવવા માંડયો છે, જેનો ૧ લો ભાગ હમણાંજ છપાઈ બહાર પડયો છે.

પેહેલવી ભાષાના હરૂફોની સાધારણ લીપી વિશે તથા દરેક હરૂફના અને તેમના જોડાયલા આકારોના તરેહવાર રીતે થતા ઉચ્ચારો વિશે થોડુંકની વાત ઉપર આ **રીવીઉ ક્રીતીક**ના આગલા આંકમાં* જે લખાણ કરવામાં આવ્યું છે, તે જો વાંચનારને યાદ હશે તો, એ ભાષાનો શબ્દકોષ બનાવવામાં જે ખાસ મુશ્કેલી પડેછે, અને જે પેહેલી નજરે જોતાં દુર કરી ન શકાય એવી માલમ પડેછે, તે ધ્યાનમાં ઉતરશે. અને તે મુશ્કેલી એ છે કે, બોલોને કેવી રીતે ગોઠવવા કે જેથી અભ્યાસીને તેને જોઇતો બોલ શોધી કાઢવાને સવલ પડે. . . . ખરું જોતાં, પેહેલવી ભાષાનો કોષ શબ્દોનો નહીં પણ હરૂફોની શીકલનોજ બની શકે; હરૂફોના ઉચ્ચાર પ્રમાણે નહીં પણ તેઓના આકાર પ્રમાણે શબ્દો એક એકની પુઠે ગોઠવવા જોઈએ, અને શાસ્ત્રીય અને સુતરી રીતી માત્ર એજ છે. મી૦ વેસ્તે પોતાની **અરદાવીરાફનામા**ની નામીચી ફરહંગમાં એવીજ ગોઠવણનો પાયો નાખ્યો છે, જે ઉપર જણાવેલા વર્ગના શબ્દકોષનો એક નમુનો છે. મી૦ જામાસ્પજીએ જે ગોઠવણીની ધોરણ પકડી છે, તેબી એજ છે. ગ્રંથકર્ત્તાએ એ ધોરણ મી૦ વેસ્તની ફરહંગ જોઈને નહીં, પણ સ્વતંત્રપણે અને પોતાની સમજ પ્રમાણે દાખલ કરી છે. આ બાબદથી તેવણ મોટાં માનને લાયક ઠરેછે, અને તેથી એક ખરું શાસ્ત્રીય અંતરજ્ઞાન માલમ પડી આવેછે.

આ ભાગમાં સફે ૧ લેથી તે સફે ૪૨ મે સુધી **અ** (ـو)ની શીકલનાં બોલો સમાયલા છે; સફે ૪૨ મેથી તે સફે ૮૭ સુધી બે **અ** (ـوو) ની શીકલનાં બોલોનો જથો આવેલો છે; અને બે **અ** અને **ઉ** (ـوو) ની શીકલનાં બોલોનો મ્હોટો ભાગ આવેલો છે, અને એ ભાગ (ـوو) 'ખાહંદ' બોલ આગલ આવીને અટકે છે. આ ભાગમાં આવેલા શબ્દો માત્ર યુરોપમાં છપાયલી અને જણાયલી કેતાબોમાંથી લીધા છે એટલુંજ નહીં, પણ 'દાદેસ્તાન,' 'નેરંગસ્તાન' 'પેહેલવી રેવાયતો' જેવી નહીં છપાયલી કેતાબો, જેમાંથી ગ્રંથકર્ત્તાએ વારેઘડીએ દાખલાઓ આપ્યા છે, તેવી કેતાબોના શબ્દોબી એમાં સમાવેલા છે. તેટલા માટે આએ ગ્રંથ આપણી

* આંક ૩૩ મો (૧૮ મી આગસ્ત ૧૮૭૭) ૧૫૬મી કલમ.

જાણમાં નવી અને તરેહવાર બાબદો આણેછે અને તેથી મી૦ જામાસ્પજીને પેહેલવી ભાષાનાં અભ્યાસીઓનો ઉપકાર મેલવવાનો પૂરતો હક છે. . . . .

પેહેલવીની શીકલોની એક સાધારણ ટીપ ગોઠવવામાં આ પેહેલવેહેલીજ કોશેશ છે, અને જેમ આપણે ઉપર જોયું તેમ, આ ટીપમાં જે ભુલો થઈ છે, તે તેની કંગાલીયતને લીધે નહીં, પણ તેના અતીશે દબ્યને લીધેજ થઈ છે. આ કામ ગ્રંથકર્ત્તાનાં સાહસકર્મને તેમજ તેવણનાં જ્ઞાનને મ્હોટી શોભા આપેછે, અને કવચિતજ મલીઆવે એવાં વાચનનો વિસ્તાર આપણને દેખાડી આપેછે. આ ગ્રંથમાં જે મોટી ખુબી સમાયલી છે, તે એ છે કે, એમાં પ્રાર્થનાવિધીને લગતા તથા પુરાણોકત શબ્દોની સમજણ આપવામાં આવી છે, જે આપવામાં બીજા કોઈબી કરતાં ગ્રંથકર્ત્તા વધારે સારી રીતે યોગ્ય છે. આ પેહેલા ભાગમાં એ ખુબી દેખાડવાને ગ્રંથકર્ત્તાને ઘણી થોડી તક મલી છે, તોપણ હમો 'હાવનાન' (સફે ૧૬૬ મે) અને 'હોશંગ' (સફે ૧૧૮ મે) એ બોલો ઉપર હમારા વાંચનારાઓનું ધ્યાન ખેંચીએ છીએ; અને આશા રાખીએ છીએ કે આ ગ્રંથના હવે પછી નિકલતા ભાગોમાં આ ખુબી આપણને વધારે સમાયલી દીસશે. . . . . .

જોકે, દીબાચામાં જણાવેલા સઘલા વિચારો સાથે હમો એકમત થઈ શકતા નથી, તોપણ આટલું તો હમોને કેહેવુંજ જોઈએ છે કે, જે એખલપેટાપણું તથા છેડતી શોધવાનાં ચિન્હ આપણને હિંદુસ્તાન કરતાં વધારે નજદીકના દેશોના લોકનાં લખાણ મધેથી મલી આવવાની ધાસ્તી રહેછે, તેવું એખલપેટાપણું કે છેડતી શોધવાનાં ચિન્હ આ દીબાચામાં સમાયલા ધરમ સંબંધી તેજ (ઝનુન)માં મુદલ માલમ પડતાં નથી. દસ્તુર જામાસ્પજીએ યુરોપીઅન વિદ્યાર્થીઓની કદર ગંભીર અને સાફ દીલથી બુજી છે; અને આગલા દસ્તુરો (જેઓએ મધ્યમ કાલથી તે હાલ સુધી જરતોસતી ધરમશાસ્ત્રના લખાણો જાલવી રાખ્યાં, તથા જેઓએ યુરોપીઅન વિદ્યાર્થીઓને પોતાના ધરમની વાકેફી આપી) ની તારીફ કરતાં, યુરોપીઅન વિદ્યાર્થીઓએ તેના બદલામાં પારસી ધરમ અને તેના શાસ્ત્રની જે સેવા બજાવી તે વિશે તેવણ અંતઃકરણથી ઉપકાર જાહેર કરેછે, (જુઓ દીબાચો સફે ૭૮ થી તે સફે ૮૦ સુધી). સુધા અને બાહોશ પારસી દસ્તુરો, જેઓ પોતાના ધરમની શાસ્ત્રીય શોધો થતી જોવામાં કાંઈ હરકત ભરેલું વિચારતા નથી, પણ તેને લગતાં વિદ્યાજ્ઞાનનો ચાહો તેમનામાં હોવાથી તથા તે ઉપર છુટથી અપાતા વિચારોની છાંટ તેમનામાં ન હોવાથી સામા પોતાના ધરમને ઉંચી પદવી આપેછે, તેઓનાં યુરોપીઅન વિદ્યાર્થીઓ માટે આવા સારા વિચારો છે.

**જેમ્સ દારમેસ્તેતર.**

(નેતીવ ઓપીન્યન, તા૦ ૭ મી અકતોબર ૧૮૭૭.)

જેમ હાલે ચોપડીઓ છાપવાનું કામ જેટલી સેહેલાઈથી ચાલેછે, અને જેમ ચોપડીઓની હજારો નકલો હાલે છપાય છે, તેમ જો આગલા વખતમાં હતે તો દરેક જાતની વિદ્યાનો વધારો ઘણોજ જલદીથી થતે. આગલા વખતમાં ચોપડીઓ માત્ર હસ્તલેખોમાંજ હસ્તી ભોગવતી હતી, અને તેઓની કિમતભી ઘણીજ મોંઘી હોવાને લીધે, જે વિદ્યાર્થીને તેવા એક હસ્તલેખની ગરજ પડતી તો તેને તેની નકલ લેવી પડતી હતી. પેહેલવીભી એવાજ વરગની એક ભાષા હતી અને એ ભાષાનાં વ્યાકરણ તથા શબ્દકોષ ન હોવાને લીધે, તથા એ ભાષાનાં પુસ્તકો સેહેલાઈથી ન મલી આવવાને લીધે, એનો અભ્યાસ કરવા પાછલ હાલે સુધી ઘણી અડચણો નડતી હતી. તોપણ આજ થોડુંક થયું વિદ્યાર્થીઓની આગ્રહી કોશેશોથી અને તેઓને ઉદાર આસરો મલવાથી અભ્યાસીઓની ઘણીખરી અડચણો દુર થઈ છે. અને આવી જાતનો સઉથી છેલ્લો ગ્રંથ દસ્તુર જામાસ્પજીનો પેહેલવી શબ્દકોષ છે. એ ગ્રંથ છપાવવાની આગમજ તેના હાથના લખેલા નમુનાઓ ગ્રંથકર્ત્તાએ મરહુમ દાકતર વિલસન, દાકતર ઈ૦ ડબલ્યુ૦ વેસ્ત, દસ્તુર હોશંગ જામાસ્પ, મીસીઅરસ ધનજીભાઈ ફરામજી, ખરશેદજી રૂસતમજી કામા અને દાકતર એફ. સી. આનદ્રીઆસનાં મત માટે મોકલ્યા હતા. એ સઘલાઓએ એકમતથી ગ્રંથકર્ત્તાની ધોરણને પસંદ કીધી હતી. અને કેટલીક યોગ્ય સૂચનાઓ કીધી હતી. તેટલા માટે આએ ગ્રંથ ઘણો વજનદાર હોવો જોઈએ, એવું આપણને માનવાને બની આવેછે . . . . આ શબ્દકોષને પેહેલવી ભાષાના વિદ્યાભ્યાસને એક અત્યંત કિમતી મદદ થયલી ગણવી જોઈએ છે અને ફતેહમંદી સાથ આ ગ્રંથ પૂરો કરવાને બની આવે તેટલા સારૂ ગ્રંથકર્ત્તાને મ્હોટો આશ્રો મલવો જોઈએ છે.

---

(બોમબે ગેઝેત, તા૦ ૧૭ મી અકટોબર ૧૮૭૭).

. . . . શબ્દકોષ ગોયા એક ભાષાની વખાર છે, અને તેની પ્રતિષ્ઠા તથા તેનો વજનદાર વિશ્વાસ એક ડહાપણવાલા મંત્રીની મીસાલે તેના અભ્યાસીઓને મદદ કરેછે. આગલા વખતમાં અગતની બાબદોમાં જુદું જુદું મત ધરાવનારા અને એક બીજાને ખોટું શિખવનારા તરીકે વખોડનારા જુદા જુદા ઉસ્તાદોની જયારે આ ભાષા શિખનારાઓને તાલીમ લેવી પડતી હતી, ત્યારે એક બીજાનાં વિરૂદ્ધ મતથી કટાલીને અને ખરું ખોટું કોણ છે તે વિશે શકમાં રહીને અભ્યાસીઓ ફતેહ મેલવવાની આસામાંને આસામાં નિરાશ થઈ એ અભ્યાસ છોડી દેતા હતા. તે વખતનો જયારે વિચાર

કરીએ છીએ ત્યારેજ એ ભાષાના એક વજનદાર શબ્દકોષની કેટલી ગરજ છે, તે આપણાં ધ્યાનમાં સેહેલાઈથી આવેછે. આ ગ્રંથ બહાર પડવાની આગમજ એક સારો વજનદાર શબ્દકોષ બનાવવા પાછલ કોઈએબી યત્ન કીધો ન હતો. દાકતર મારતીન હૉગ, દસ્તુર પેશોતનજી અને બીજા ભાષા શાસ્ત્રીઓએ જે જે કેતાબો છપાવી તે કેતાબોની સાથે માત્ર તેમાં સમાયલા બોલોનીજ ફરહંગ આપી હતી, અને તેથી તે ઘણી થોડી ઉપયોગી છે; પણ દસ્તુર જામાસ્પજીના ગ્રંથની નેમ તો એક વધારે સંપૂર્ણ અને આખી ભાષાનો શબ્દકોષ આપવાની છે, અને તેથી જેમ એક મ્હોટી નદી સાથ નહાનાં નાળાંઓને સરખાવીએ તેમ આ શબ્દકોષ સાથ એની અગાઉ છપાયલી ફરહંગો સરખાવી શકાય. આ તો એક ફરહંગોની ફરહંગ છે, અથવા તો હાલ સુધી મોજુદ રહેલા સઘલા પેહેલવી ભાષાના અસલી લેખોના બોલોનો એક આખો સંગ્રહ છે. આપણને કબુલ કરવું જોઈએ છે કે, બોલોને ગોઠવવાનું કામ અત્યંત અઘરું છે. અને જયારે આપણે જોઈએ છે, કે આ આસ્તો પેહેલો ભાગ છે, ત્યારે એવાં કામમાં પડતી અઘરાઈનો હજુ તો મ્હોટો ભાગ ગ્રંથકર્ત્તાને ઓલંગવાનો રહેલો છે. જેટલી ચાલાકી અને ખંતીપણેથી આ ભાગમાં મેહેનત લીધેલી જોઈએ છે, તેવીજ મેહેનત જો ગ્રંથકર્ત્તા પોતાના બીજા ભાગો પાછલ લેશે તો ખચીત એક મહાભારત ફતેહ મેલવેલી કેહેવાશે. ગ્રંથકર્ત્તાએ હજુ તો ઉંબર ઓલંગ્યો છે તેટલામાંજ એવણે જ્ઞાનના ગુફામાંથી પેહેલો પથ્થર ગગડાવી નાંખ્યો છે, અને સરૂઆત ઘણી સારી રીતે કીધી છે, જેથી અરધી લડાઈ જીતવા બરોબર થયું છે. બે હજાર બોલોનો સંગ્રહ આ ભાગમાં સમાયો છે, અને જેવી સ્પષ્ટ રીતે આ ગ્રંથમાં બોલોના અર્થો આપ્યા છે તથા જેવી ચાલાકીથી તેઓને, ગોઠવવામાં આવ્યા છે, તે કરતાં વધારે સારી રીતે અર્થો અપાય અથવા ગોઠવાય એવું હમે ધારતા નથી. જે પ્રમાણે ગ્રંથકર્ત્તા પોતાના ખુલાસામાં જણાવે છે તેમ, પેહેલવી જેવી અઘરી અને જુની ભાષાના શબ્દકોષની રચનાને હાલની કોઈ વપરાતી ભાષાના શબ્દકોષની રચના બરોબર નહીં ગણવી જોઇયે કારણ કે, એવી જુની ભાષામાં બોલ તથા શોધ કરવાની મેહેનત અતી મ્હોટી છે. ચાલુ ભાષાનો શબ્દકોષ રચવામાંબી કોઈ થોડી મેહેનત પડતી નથી. આપણે દાખલા તરીકે કોઈબી ચાલુ ભાષા લેઈજીએ તો, તેમાં જેમ જેમ નવા બોલો દાખલ થવાથી અથવા જુના બોલોના અર્થમાં ફેરફાર થતો જવાથી તેવી ભાષાનો શબ્દકોષ નકામો થવાને લીધે નવો કોષ બનાવવાની જરૂર પડેછે તેમાં જયારે મેહેનત અને વિદ્વત્તાની અગત પડેછે, ત્યારે આ શબ્દકોષ જેવા ગ્રંથમાં કેટલી બધી મેહેનત અને વિદ્વત્તાની અગત પડવી જોઈએ? આ ગ્રંથને જુદા જુદા ભાગોમાં કાહાડવામાં ગ્રંથકર્ત્તાએ ડહાપણ કીધું છે, કારણ કે તેથી

બે ફાયદા થશે. પેહેલો ફાયદો એકે એ ચોપડી વેચાતી લેનારને સવલ પડે, અને બીજો ફાયદો એકે જે ભુલો રહી ગઈ હોયતે અથવા જે બોલો છાપવાના રહી ગયા હોય તે બીજા ભાગોમાં સુધારવા તથા વધારવાને બની આવે.

દીબાચાની પછવાડે જે કોઠાઓ આપવામાં આવ્યા છે, તે ઉપરથી જોડાક્ષરોની સમજણ, તેઓની જોડાવાની રીત અને હરૂફોની ગોઠવણીની સમજ ઘણી ખુલ્લી રીતે માલમ પડી આવેછે. શબ્દકોષના ભાગમાં શબ્દોના ઉચ્ચાર તથા અર્થો ગુજરાતી તથા ઈંગ્રેજીમાં આપેલા છે. એ વતરેગે ગ્રંથકર્ત્તાએ બોલો જુદી જુદી કેતાબમાં જેટલી રીતે લખવા તથા વાંચવામાં આવ્યા છે તેટલી રીતે તેમના ઉચ્ચાર આપ્યા છે, અને તેને સારૂ કેતાબોના હવાલા આપ્યા છે. બોલોને તેમના ઉચ્ચાર પ્રમાણે નહીં પણ તેમની શીકલ પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓને જોઈતા બોલો શોધવાને ઘણું સેહેલ થઈ પડશે. આ ગ્રંથ ગ્રંથકર્ત્તાના બાવાએ પેહેલવી ફારશી ફરહંગના આકારમાં બનાવવાને સરૂ કીધો હતો, પણ તેવણનાં દલગીરી ભરેલાં મરણથી એ કામ અટકી પડયાને લીધે ગ્રંથર્ત્તાએ તે કામ ચાલુ રાખ્યું છે.

આ ગ્રંથ યુરોપ અને હિંદુસ્તાનમાં વધારે ફેલાય, અને તેનો વધારે ઉપયોગ થાય એવા હેતુથી ગ્રંથકર્ત્તાએ તેને તેના અંગ્રેજી તરજુમા સાથે હાલી વધારેલા આકારમાં છપાવ્યો છે, અને તેથી તેવણને વધારે મેહેનત તથા ખરચમાં પડવું પડયું છે. પણ આશા છે કે લોકો તેની વધારે નકલો ખરીદીને તેનો બદલો વાલી આપશે. મુંબઈના પારસીઓના વડા ધરમગુરૂ તરીકેના ગ્રંથકર્ત્તાનાં કામકાજો અને જોખમો છતાં, આવાં મહાભારત કામમાં પોતાનો ફુરસદનો વખત રોકવાને તેવણથી બનેલો જોઈ આપણને અજાયબી ઉત્પન્ન થાયછે. પોતાનું કામ છપાવવાને હીમત કરવાની આગમજ બીજા વિદ્યાર્થીઓના તે માટે મતો લીધાં છે, તે ઉપરથી ગ્રંથકર્ત્તા પોતાના આ કામ પછવાડે ઘણી સંભાલ લેતા હોય એવું દીસે છે; કારણકે એવણે પોતાના દીબાચાની પુઠે મરહુમ ડૉકતર વીલસન, ડૉકતર વેસ્ત, દસ્તુર હોશંગજી જામાસ્પજી વિગેરે બીજા ભાષા શાસ્ત્રીઓનાં મતો આપેલાં આપણે જોઈએ છીએ. એઓ આએ ગ્રંથના પોતા ઉપર તપાસને માટે આવેલા હસ્તલેખ નમુનાની દીલોજાનથી વખાણ કરેછે, અને ગ્રંથકર્ત્તાનાં આ કામની ભારી તારીફ કીધી છે. એવણ પોતાનાં કામ પાછલ કેટલા ખંતી છે અને પોતાની શકતી ઉપર આધાર રાખવાને બદલે પારકાઓનાં મતો મેલવી તે પ્રમાણે ચાલવાને કેટલા ખુશી છે, તે આ મતો આપણને દેખાડી આપેછે, અને તેથી આ ગ્રંથ ઘણો વિશ્વારા રાખવા જોગ છે. . . . .

જેવી સારી રીતે આ ગ્રંથ સરૂ થયો છે તેવીજ રીત હવે પછીબી ચાલુ રાખવામાં આવશે તો ખચીત આ જુની ભાષાનો અભ્યાસ જેટલો આજે ચાલુ છે,

અને તેની કદર આજે જેટલી બુજાય છે, તેના કરતાં વધારે અભ્યાસ ચાલશે અને વધારે કદર બુજાશે. હમો દસ્તુરજી સાહેબને તેવણનાં આ દેશહીતકારી કામમાં મ્હોટી ફતેહ ઈચ્છીએ છીએ.

---

**(બુલેતીનો ઈતાલ્યાંનો દેગલાઈ સ્તદીઆઈ ઓરીએન્તેલાઈ,**
૨૫ મી જુન ૧૮૭૭.)

હમણાં સુધી તો પેહેલવી ભાષાનો એક નાહાનો શબ્દકોષ છપાયલો હતો. પેહેલવી ભાષાનો એક સંપૂર્ણ અને કાયદાસરનો કોષ બનાવવા પાછલ આ પેહેલવેહેલીજ કોશેશ છે, અને તેને માટે મુંબઈના એક કાબેલ પારસી ભાષાશાસ્ત્રીના આપણે ઉપકારી થયા છીએ. ગ્રંથકર્ત્તાના બાવાબી એક કાબેલ ભાષાશાસ્ત્રી હતા; તેવણે આ કામની સરૂઆત કીધી અને તેવણના છોકરાએ તે ફતેહમંદીથી સંપૂર્ણ કીધું છે. આ શબ્દકોષની ગોઠવણીની રીત સમજમાં ઉતારવા સારૂ ગ્રંથકર્ત્તાએ પેહેલવેહેલાં તેનો ખુલાસો આપ્યો છે, અને તેની પુઠે એક લાંબો મનોરંજક અને કાબેલીઅત ભરેલો દીબાચો આપ્યો છે, અને તેમાં પેહેલવી ભાષાને બીજી એરીઅન ભાષાઓ સાથે, તેમાં મુખ્ય કરી ફારશી ભાષા સાથે, સરખાવીને તેનું પુરાતમપણું જણાવ્યું છે; અને દીબાચાની પુઠે પેહેલવી મૂલાક્ષરોનું બારીકીથી વર્ણન કીધું છે. . શબ્દકોષમાં કેટલાક બોલોનું વર્ણન કદાચ કાબેલ દેશીઓ, જેઓ તે સમજતા હશે, તેઓને ઘણું ઉપયોગી નહીંબી લાગે, તોપણ આ કિમતી ગ્રંથને માટે સઘલા યુરોપીઅન વિદ્યાર્થીઓએ ગ્રંથકર્ત્તાના ઉપકારી થવું જોઈએ છે.

**એનજીલો દી ગુબરનેતીસ.**

---

**(તાઈમ્સ ઑવ ઈન્દીઆ,** ૨૩ મી નવેમબર ૧૮૭૭.)

પૂર્વ દેશની ભાષાના વિદ્યાભ્યાસના સંબંધમાં આપણાં કેટલાક મ્હોટા મ્હોટા દેનીશ અને જરમન વિદ્યાર્થીઓથી થયલી કોશેશો જયારે જાહેર થઈ છે, અને તેમની કદર બુજાય છે, ત્યારે પારસીઓબી એવી કોશેશો કરવામાં કાંઈ તેમનાથી ઘણા પછાત નથી. . . . હમણાંજ દસ્તુર જામાસ્પજીએ પેહેલવી ભાષાના શબ્દકોષના આકારમાં એક ઉપયોગી ગ્રંથ બાહાર પાડયો છે, જે સખત મેહેનત તથા પુષ્કલ તિક્ષણ બુદ્ધિનું પરીણામ છે.

પેહેલવી, એ પૂર્વ દેશની સઉથી અઘરી ભાષાઓ મધેની એક ભાષા છે. કેટલાક મ્હોટા મ્હોટા વિદ્વાનોબી એ ભાષાના કેટલાક કઢંગા અને ગુંચવણ ભરેલા ફકરાઓ અને અસાધારણ અને ગુપ્ત રૂઢીઓ સમજવામાં હમણા સુધી ગોતું ખાતા હતા. વ્યાકરણ અને શબ્દકોષ, જે દરેક ભાષા શિખવામાં

અગતનાં છે, અને જે ખરેખર જોતાં તો ભાષાની આંખો છે, તેમની ગેરહાજરીને લીધે આ અડચણોમાં વધારો થઈ પડયો હતો. હમે જોઈને ખુશી છીએ કે, આ બંને ખુટો તેમના ગ્રંથકર્ત્તાઓને જેબ આપે એવી રીતે આપણને પૂરી પાડવામાં આવી છે. હમણાં આપણને પેહેલવી ભાષાનાં એક કરતાં વધારે વ્યાકરણો અને એક પેહેલવી શબ્દકોષ મલી આવેછે, અને આ છેલ્લો ગ્રંથ (શબ્દકોષ) આપણું હાલ ધ્યાન ખેંચેછે . . . ખરેખર એ એક ભારે મેહેનતનું ફલ છે, આવા ગ્રંથની અગત આજ લાંબો વખત થયો એ ભાષાના અભ્યાસીઓને માલમ પડી હતી. નહાની ફરહંગોના આકારમાં બોલોના સંગ્રહ ઘણા છપાયા છે, પણ કોઈબી વિદ્યાર્થીએ પેહેલવી ભાષાનો સંપૂર્ણ શબ્દકોષ બનાવવાને હમણાં સુધી કોશેશ કરી ન હતી, તેટલા માટે એક લાંબા વખતની ખુટ પૂરી પાડવાને એક પારશી દસ્તુરને મેદાન પડેલા જોઈ મ્હોટી ખુશહાલી ઉત્પન્ન થાયછે. આ ગ્રંથ તેની જાતનો પેહેલોજ હોવાથી, ગ્રંથકર્ત્તાને હમો મોબારકબાદી આપીએ છીએ. બેશક એ ગ્રંથ દેશી તેમજ યુરોપીઅન વિદ્યાર્થીઓનેબી મ્હોટો ઉપયોગી છે. કમભાગ્યે આ ગ્રંથમાં ઘણી ચુકો દીસે છે, પણ એવી ચુકો આ જાતના ગ્રંથમાં થાય એ સ્વભાવિક છે, અને તે દુર થઈ શકે એવુંબી નથી, માટે તે ઉપર વધારે બોલવાનું દરગુજર કરીએ છીએ; ગ્રંથકર્ત્તાની આ જાતનો ગ્રંથ રચવામાં પેહેલવેહેલીજ કોશેશ હોવાથી તેને ઉત્તેજન આપવું જોઈએ છે . . . . પેહેલવી શબ્દકોષ વિશે આ એક ટુંક ખબર છે. યુરોપીઅન વિદ્યાર્થીઓબી એનું ઉપયોગીપણું કબુલ કરશે. . . .

---

## (બીબલ્યોગ્રાફીશે એનઆઈગેન, ૧૮૭૭.)

જે ગ્રંથાવિશે હમે બોલવા માગીયે છીએ તે ગ્રંથકર્ત્તાના બાવા મનચેરજી એદલજી જામાસ્પ આસાનાએ 'બુરહાને કાતે'ની ઢપે પેહેલવી અને ફારશી ભાષાઓમાં બનાવવાને સરૂ કર્યો હતો, અને ગ્રંથકર્ત્તાએ તેને ગુજરાતી અને ઇંગ્રેજી ભાષાઓમાં બનાવ્યો છે, અને તેને માટે દાકતર વીલસન, દાકતર વેશ્ત, દસ્તુર હોશંગ જામાસ્પ, મીસીઅરસ ધનજીભાઈ ફરામજી અને ખરશેદજી રૂસ્તમજી કામાથી મેલવેલાં લાયક મતો દીબાચાની પુઠે બેઉ ભાષામાં આપ્યાં છે . . . . હમોએ ઉપર જણાવ્યું તે ઉપરથી માલમ પડશે કે પેહેલવી ભાષાના બોલોના આ જથામાં ઘણો સુધારો થવો જોઈએ છે; અને હમે ઈચ્છીએ છીએ કે દસ્તુર જામાસ્પજી પોતાના આએ મહાભારત અને તારીફ લાયક ગ્રંથને આગલ ચલાવતાં આપણને વિચાર આપવાને વધારે બોહોલું મેદાન કરી આપશે. તોપણ આપણાં જ્ઞાનનાં સણગારને માટે જે અમૂલ્ય અને

યુરોપમાં આપણને સદંતર અજાણી બાબદો આ ભાગમાં છાપી છે, તથા હવે પછીના ભાગોમાં છાપશે તેને માટે એવણનો મ્હોટો ઉપકાર માન્યા વગર હમો-ને ચાલતું નથી.

**ફરદીનાન્દ યુસ્તી.**

---

**(ત્રબનરનું અમેરીકન એંદ ઓરીએંતલ લીતરરી રેકર્ડ.)**

પેહેલવી ભાષાના અભ્યાસીઓ સાંભળીને ખુશી થશે કે, જામાસ્પજી દસ્તુર મીનોચેહેરજી જામાસ્પ આસાનાએ જે પેહેલવી ગુજરાતી અને ઈંગ્રેજી શબ્દ-કોષ આજ લાંબો વખત થયો બનાવવા માંડયો હતો; તેનો પેહેલો ભાગ હાલે છપાઈ બહાર પડયો છે. આએ ગ્રંથ ગ્રંથકર્ત્તાના બાપે બનાવવા માંડયો હતો, જેવણ મુંબઈનાં પારસી ટોલાંના વડા ધરમગુરૂ હોવાથી આ અસલી ભાષાના લેખો એકઠા કરવાને તથા તેઓને અજવાલામાં લાવવાને ખાશ રીતે યોગ્ય હતા. પ્રખ્યાત થયલા ભાષાશાસ્ત્રી મી૦ ખ. રૂ. કામાંની એલતેમાસ ઉપરથી આ ગ્રંથના ઉપયોગનો વધારો કરવાને અરથે પેહેલવી શબ્દોનો ગુજ-રાતી તથા ઈંગ્રેજી તરજુમો ઉમેરવામાં આવ્યો છે. મી૦ કામાનાં મતને દાકતરો ઈ૦ દબલ્યુ. વેસ્ત અને એફ. સી. એનદીઆસે સ્વીકાર્યું છે. . . .

---

**(જરનલ ઑવ ધી ઈંદીઅન નેશનલ એસોશીએશન,** માર્ચ ૧૮૭૮).

હમણાંજ થોડુંક થયું એક પારસી દસ્તુરે પેહેલવી ગુજરાતી અને ઈંગ્રેજી શ-બ્દકોષનો પેહેલો ભાગ છપાવ્યો છે; એ શબ્દકોષ તેની જાતનો પેહેલોજ છે અને ઘણી આગ્રહી મેહેનતનું કામ છે.

---

મારા વિચાર પ્રમાણે આ શબ્દકોષ અતી ઘણી મેહેનતનુ ફલ છે અને તે પેહેલવી ભાષાનાં ઘણાં અઘરાં અને ગુંચવણ ભરેલાં લખાણો વાંચવા તથા સમજવામાં ઘણીજ કિમતી મદદ આપેછે.

**પ્રોફેસર એન. એલ. વેસ્તરગાર્દ.**

---

**( દાકતર મારતીન હૉગના પારસીઓ વિશે નિબંધો,**

**આવૃત્તિ બીજી, સફો ૬૧ મો.)**

જરતોશતી ધરમને લગતી ભાષાઓના અભ્યાસના વધારાને લગતા આ ટી-કા સમાપ્ત કરતાં આએર્બી જણાવવું જોઈએ છે કે, મુંબઈના દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાના એક પેહેલવી ભાષાનો શબ્દકોષ બનાવવા પાછલ ઘણાં વરસ થયાં ગુંતાયલા છે, જેનો પેહેલો ભાગ છપાવા માંડયો છે. પેહેલવી ભાષાના શબ્દોનો હમણાં સુધી થયલો મ્હોટામાં મ્હોટો જથો આ

શબ્દકોષમાં સમાવામાં આવવાનો હોવાથી, તે અત્યંત ઉપયોગી થઈ પડશે, એવી આશા રાખવામાં આવેછે . . . . . . . . . . એ શબ્દ-કોષમાં શબ્દોના અસલથી થતા આવતા ઉચ્ચારો તથા માએનાઓનો મ્હોટો ભાગ સમાવવામાં આવશે, અને તેથી તે એવાં વાચન તથા માએનાઓના એક લેખ તરીકે ગણાશે, તથા અભ્યાસના વધારાના આ જમાનામાં સઘલા અભ્યાસીઓને કિમતી થઈ પડશે.

---

(મુંબઈના જામે જમશેદ, તા૦ ૧૫ મી અકતોબર ૧૮૭૭.)

હમારા ગીઆ અંકમાં પેહેલવી ભાષા, તેનું પુરાતમપણું અને હાલના અભ્યાસ વિશે થોડોક એશારો કીધો હતો ; હવે આગલ ચાલતાં તપાસીએ જે એ પુરાતન ભાષાના અભ્યાસની મદદમાં વ્યાકરણની સાથે બીજી કેહી મદદની જરૂર છે. વ્યાકરણની સાથે એક કોષની જરૂર કોઈબી અભ્યાસીને પડેછે. કોષની રચના વ્યાકરણથી તદન જુદીજ છે. બલકે કોષની રચના વ્યાકરણથી દેખઈતી ઘણી બીકટ છે. કોઈબી ભાષાના ચાલુ વાકયની ગોઠવણ મનમાં ઉતરે અને બીજી થોડીક અંદરની બાંધણીની સમજ પડે કે, વ્યાકરણના કાએદાનો તે ભાષાની કોઈબી કેતાબમાંથી સંગ્રહ કરવો એ જો કે એક બીકટ કામ છે પણ કોષની બનાવટથી ઘણું સેહેલ છે. કોષની બનાવટમાં તો તેના રચનારને જેટલી કેતાબો મલે અને જેટલા તેમાંના બોલોનો સંગ્રહ થાએ તેટલો થોડો. આપણે જોઈએ છે કે ઈંગ્રેજી જેવી પોતાની પુખત ઉમરે આજે આવેલી ભાષાનો જો કે ઘણાક કોષ નીકલ્યા છે તોબી જે નવા નીકલતા જાયછે તેમાં જુનાઓના કરતાં બોલોનો સંગ્રહ વધારે ને વધારે આવતો જાયછે. હવે જેવી ઈંગ્રેજી ભાષાના કોષમાં આટલી બધી મેહેનત છે, તારે પેહેલવી જેવી મુવેલી ભાષાનો એક કોષ બનાવવો એ કેટલું અઘરૂં કામ છે, તે વાંચનારને સમજવાને સેહેજ છે, વ્યાકરણ અને કોષની મદદથી ઘણીક વેળા અભ્યાસીને ઉસતાદ વગર પોતાનું કામ ચલાવવાને બની આવેછે. હવે આજે થોડાંક વરસો થયાં એ ભાષાના અભ્યાસીઓ કોષ વગર શું કરતા હતા. આજે એક ઉસતાદનો હાથ ધરયો કે તેનાથી એક બોલનો અર્થ એક રીતે મેલવ્યો, અને બીજા બોલને વાસતે જયારે પુછે કે પેલા ઉસતાદને જો ખબર હોય તો કેહે, અને નહીં તો કોઈ અજબ રીતનો ભમરડો મારે એમ કરતાં કંટાલીને પેલો અભ્યાસી કોઈ બીજા ઉસતાદ પાસે જાય તો, જેટલુ પેલો અભ્યાસી પેહેલા ઉસતાદથી શિખેલો હોએ તેમાંનુ ઘણુ ખરું બલકે સદંતર બધુંજ ફેરવાઈ જાએ, અને બીચારા પેલા અભ્યાસીને પોતાનો અભ્યાસ પાછો નવેસરથી ચાલુ કરવો પડે, અને એવાં ફાંફાં મારી કંટાલીને પોતાનો

શોખ છોડી દેવો પડે; તેવામાં પેલા અભ્યાસીને જે બે ઈઆ ત્રણ ઉસતાદો થાએ તે ઉસતાદોમાં જો અસલથી કોઇને અણબનાવ ચાલતો હોએ તારે તો પેલા ચેલાની કમબખતીજ થાએ અને તે બીચારાને તરેહવાર તાનાજાની સાંભલવી પડે. હવે દસ્તુરજી સાહેબ જામાસ્પજીએ પેહેલવી કોષ બનાવવા માંડયો છે તેની આગમજ કોઈએબી એવા કોષની જરૂર પૂરતી રીતે અભ્યાસીને અને આલમને પૂરી પાડવાની કોશેશ કીધી નથી. આજ દીન સુધી જેબી કોશેશો એ કામ તરફ વિદ્યાર્થીઓએ કીધી છે તે અધુરી હતી તેમાં જરથોસતી વિદ્યાર્થીઓ જેઓએ આજે મુખ્ય કરીને ગુજરાતી ભાષા પોતાના વહીવટમાં ચાલુ રાખી છે તેઓમાંનાં થોડાકોએ જે કોશેશો કીધી છે જે ફકત દસતુરજી જામાસ્પજીનાં કામને ઉસ્કેરણી તરીકે કેહેવાઈ શકાએ. જે સાહેબોએ જેબી કેતાબ એ ભાષાની પ્રગટ કીધી તે સાહેબોએ તેજ કેતાબમાં મલેલા અઘરા બોલોનો કોષ આપ્યો. મરહુમ ડાકટર હૉગે કોઈ કેતાબ છપાવી કે તેને લગતાજ બોલોનો કોષ તેમાં આપ્યો તેમજ દસતુર પેશોતનજી અને બીજા સાહેબોએ. પણ આપણને શું જોઈએ છે–આપણને વધારે જરૂર તો આખા પેહેલવી ભાષાના કોષની છે.

અસલી મહાભારત પેહેલવી કેતાબો જેવી કે નેરંગસ્તાન, દીનકરદ, દાદેશતાને દીની, શેકનદ ગુમાની, બુનદેહશ ઈત્યાદિમાંના બોલોનો કોષ હજુ સુધી આપણને દસ્તુર જામાસ્પજીની આગલ કોઈ બીજાએ બનાવી આપ્યો નથી. અભ્યાસીઓને એ વિશે મોટી અડચણ પડતી હતી અને હજુરબી તે અડચણ તદન મટી ગઈ નથી. હજુ તો દસતુરજી સાહેબ જામાસ્પજીએ પોતાની ડીક્ષનેરીનું પેહેલુંજ દફતર કાહાડયું છે, અને જેવું પૂરતું ધ્યાન એવણે હજુરતો શરૂઆતમાંજ એ કામપર આપ્યું છે. તે પરથી આપણને ખોલું દીસેછે કે એ કામ પૂરું થતે આલમને અતીશે ઉપયોગી થઈ પડશે. પેહેલવી ભાષાના મૂલાક્ષરોમાંના હજુરતો એક ઈઆ બે શબ્દનો નીવેડો આવ્યો નથી કે એવણે પોતાની બાહોશી અને જાતીચંચલાઈથી નજદીક દોહોડ હજાર બોલોનો સંગ્રહ કરયો છે અને એવીજ રીતે કાબેલીઅતથી જો એવણ પોતાની દસતુરીના માનવંતા અને જોખમદાર હોદાને જેબ આપી એ મહાભારત કામ પાર પાડશે તો જાવેદાન તક એ કિરતી એવણનાં બચાંઓનાં રાજમાં પણ આલમને મોહોડે ગવાતી આવશે. એવણે પોતાની કેતાબને એકથી વધારે ભાગમાં બાહાર પાડવાનો એવણનો ઈરાદો ઘણો અકલપસંદ છે, એથી કરીને સરવેના હકમાં એક મોટો ફાયદો થયો છે. તે એ જે એક મુવેલી અને નજદીક નાબુદ થએલી ભાષાનો કોષ બનાવવાના અત્યંત અઘરાં કામમાં

કોઈબી રીતે ભુલ ચુક એક ભાગંમાં થએલી આપણને માલમ પડે, અને આપણી ફરજ તરીકે તે ભુલ એવણનાં ધ્યાન ઉપર લાવીએ તો એવણને તેનો સુધારો ત્યાર પછીનાં દફતરમાં કરવાને બની આવે. વલી બીજો ગુણ એ જે એવી એક ઉપયોગી કેતાબ જે આપણ દરેક જરથોસતીએ પોતાનાં મુકામમાં આપણા નહીં તો આપણાં બચાંઓનાં કામમાં આવે એવી નેમથી રાખવાની જરૂર છે. અને એવી ઉપયોગી કેતાબને એકદમ એકજ વખતમાં ૨૦) ૨૫) ઈઆ ૩૦) રૂપિઆની મોટી કિંમતે ખરીદવી ભારી પડે તેથી તેજ કેતાબ થોડી થોડી મુદતે નાંખેલા ભાગોમાં નીકલે તે દરેક ખરીદદારને ઘણુંજ સવલ પડે. એવિશે આપણને એવણ સાહેબનો મોટો ઉપકાર માનવો જોઈએ છે. એવણના કોષના પેહેલા દફતરમાં મરહુમ ડાકતર વીલસન, ડાકટર વેશ્ત દસ્તુર હોસંગજી જામાસ્પજી, શેઠ ધનજીભાઈ ફરાંમજી પટેલ, શેઠ ખોરશેદજી રૂસતમજી કામાજી, અને ડાકટર એફ. સી. એનદરીઆસ જેવા કાબેલ વિદ્યાર્થીઓનાં મત આપેલાં છે. એ મત જોતાંજ માલમ પડેછે કે આપણા દસતુરજીએ તદન પોતાની આપખુદી એ કામમાં વાપરી નથી. એવું માલમ પડેછે કે એવણનો પેહેલો ઈરાદો એ કોષને જુદીજ ધોરણ ઉપર રચવાનો હતો. પણ પાછલથી કેટલાક વિદ્યાર્થીઓની અમૂલ્ય સૂચના ઉપરથી એ કેતાબની બનાવટ આજની સુધરેલી ધોરણ ઉપર રાખી અને જોકે તેમ કરતાં એવણને દેખઈતી રીતે તરજુમાના મોટા ખરચ અને બીજી કેટલીક વધારે મેહેનતમાં પડવું પડયું છે, તોબી એ પુસ્તક સરવે કોઈને વધારે ઉપયોગી થઈ પડે એવા હેતુથી એવણે તે ખરચ અને મેહેનતની દરકાર કીધી નથી. એવણે આપેલા દીબાચામાં પેહેલવી અને અવસતા ભાષાનો જમાનો છેક દુનીઆની શરૂવાતમાં લઈ ગીઆ છે, અને તેની સાબેતીમાં જે જુદે જુદે ઠેકાણે કેતાબોમાંથી ફકરા ટાંકી બતાવ્યા છે તેપરથી આપણને એવણના વિચારો પર પૂરતો એતેકાદ રાખવાને બની આવેછે. પેહેલવી ભાષાના જમાના પર આજે કેટલીક રીતે અજવાલું પડયું છે. પણ એ ભાષા એરીઅન છે તે ફકત શેઠ ધનજીભાઈ પટેલેજ પેહેલવેહેલું બતાવ્યું છે. અને ત્યાર બાદ દસતુરજી સાહેબ જામાસ્પજી તે કાએમ રાખતાં આગલ વધીને પૂર ખોલાસેવાર બતાવે છે કે પેહેલવી ને અવસતા ભાષા છેક દુનીઆની શરૂવાતથીજ ચાલુ છે. અને તે વખતે ફકત એરીઅન ભાષાજ ચાલુ હતી તેથી પેહેલવી પણ એક એરીઅન ભાષા છે. આજના વખતોમાં એવણે પોતાના વિચારોથી પેહેલવી ભાષાના જમાનાપર સારું અજવાલું પાડયું છે. એવણે પોતાના કોષમાં ગુજરાતીમાં અર્થ અને ઉચ્ચાર આપી પાછા તેના ઈંગ્રેજીમાં અર્થ અને ઉચ્ચાર આપવાને જે દુરઅંદેશી ભરેલી લોકની સૂચનાને પસંદ કીધી છે, તેમાં જોકે દેખઈ-

તો એવણને મોટો ખરચ કરવો પડયો છે તોબી તેમ કીધાથી આજે એવણનું પુસ્તક જેટલું હિંદુસ્તાનમાં કામનું થાઈ પડયું છે, તેટલુંજ બલકે તેથીબી ઘણુંજ છઆદે યુરોપખંડમાં ઉપયોગી થાઈ પડે એવી આપણને વકી રાખવી જાઈએ છે. એવણના કોષનું પેહેલું દફતર ફકત કોષની ગરજ સારતું નથી, અને ઉપર કહેઆ મુજબ પેહેલવી ભાષાના જમાનાનો ખોલાસોજ દેખાડતું નથી પણ કેટલેક દરજજે વ્યાકરણના પણ કાઈક ભાગની ગરજ સારેછે. પેહેલવી ભાષાના વાચનમાં હજી ઘણો મતફેર છે તેમાં મુખ્ય કરીને મૂલાક્ષરોની જોડણીની સમજ આજે જેટલી એવણે વધારે રીતે દેખાડી છે તેટલી થોડાકોએજ દેખાડી હશે. આજ દીન તલક જેટલી તરાંહનાં વાચનો બાહાર પડચાં છે તેના કરતાં એવણે વધારે સારી રીતે એ ભાષા વાંચી છે. અને તે આપણને કેમ માલમ પડેછે કે, એવણે જેબા બોલ વાંચ્યા છે તે દરેકના અર્થ સુધ્ધાં સમજ પડે તેમ માએના સાથે વાંચ્યા છે. વલી જોડાક્ષરોની સમજ પણ એવણે ઘણીજ મનમાનતી અને સમજ પડે તેમ આપી છે. જો કોઈબી અભ્યાસી તે કાયદે એ ભાષાનું વાચન કરે તો જરૂર તેને ઘણાક બોલો જે અઘરા માલમ પડેછે તે સેહેલ થઈ પડે; એ કાએદો આપ્યાથી એવણે કેટલેક દરજજે વ્યાકરણની ગરજ પોતાના કોષથીજ સરે તેવું સેહેલ કરી આપ્યું છે. પેહેલવી ભાષાના મૂલાક્ષરો બીજી કોઈબી ભાષાની માફક નથી. એ ભાષામાં ચોકસ શબ્દ એકથી વધારે રીતે વંચાય છે. અને કોઈબી અભ્યાસીને એક બોલ શોધવાને અઘરું પડે તેમ તે બોલને બીજી ભાષાના કોષની માફક તેના ઉચ્ચાર પ્રમાણે નથી ગોઠવ્યા. પણ દરેક શબ્દને તેના આકાર પ્રમાણે ગોઠવ્યા છે જે ઘણુંજ અકલપસંદ છે. એ કેતાબની રચનામાં એક બીજી એવણે ઘણી સારી રીત વાપરેલી માલમ પડેછે. તે એ જે કોઈબી બોલ જે કેતાબમાંથી મલ્યો છે તે કેતાબનું નામ અને તેમાંનાં વાક્યમાં તેનો ચાલુ અર્થ જેબી વંચાયો છે તેજ આપ્યો છે અને બીજો કોઈબી રીતનો પોતાની તરફનો વિચાર આપેલો દેખાતો નથી. જે સાહેબોનાં મત એવણે કેતાબમાં આપ્યાં છે તે સાહેબો એવણનું કામ તપાસી એવણને પૂરતી રીતે એ જોખમદાર કામમાં શકિતવાન અને હુશિઆર સમજે છે. એવણ સાહેબે જે લાંબો દીબાચો આપ્યો છે તેમાંના વિચારો આજની નવી શોધો તથા કેલવાએલા વિચારોને મલતા આવેછે. અને કોઈબી વાંચનાર ધ્યાન દઈને વાંચશે તો એ ભાષા અસલ કેવી મહાભારત હતી તે માલમ પડશે, એટલુંજ નહીં પણ પોતે અથવા પોતાનાં બચ્ચાંઓને એ ભાષા શેખવાની વલણમાં જરૂર નાંખશે.

---

(**ચજદાં પરસ્ત**, તારીખ ૧૪ મી એપરેલ ૧૮૭૮.)

**દસતુરજી** સાહેબ જામાસ્પજીની પેહેલવી ફરહંગને બાહેર પડયાને **આજ મ**-હિનાઓ થઈ ગયા છે, તોપણ તેની પોંહોંચ કબુલ કરવાને અમો આટલા બધા પછાત પડયા છઈએ, તે માટે દરગુજર ચાહવાને ખોટી નહીં થતાં ફકત તે વિશે આજ દને સેહેજ એસારો કરવા માગીએ છીએ. કમભાયગે પેહેલવી ભાષાના અમારા અજ્ઞાનપણાંને લીધે અમો દસતુરજી સાહેબ જામાસ્પજીની ફરહંગને કોઈબી જાતનો ઘટતો ઈનસાફ આપી શકવાને અશકત છઈએ, તોપણ તેના ઉપરના દેખાવ ઉપરથી, તથા દસતુરજી સાહેબના દીબાચાપરથી અમો આટલું તો જણાવી શકીશું કે એ ફરહંગ રચવામાં એ દસતુરજીને અતીશય મેહેનત કરવી પડી છે. એક ફરહંગ બનાવવાનું અને તેને ઘટતા આકારમાં રચવાનું કામ કાંઈ જેવું તેવું નથી, તેનો ખ્યાલ ફકત આટલાજ ઉપરથી આવશે કે ડાકટર જાનસન જેવા મહા વિદ્વાનને ઇંગ્રેજી ભાષાની એક ફરહંગ બનાવ-વાને એક દાહેકા કરતાં પણ વધારે વરસ લાગ્યાં હતાં. આ દાખલાથી જોતાં દસતુર જામાસ્પજીની પેહેલવી, ગુજરાતી અને ઈંગ્રેજી ફરહંગને સારી મેહેનત અને દીલસોજીનાં કામના પરીણામ તરીકે આપણે લઈ શકાયે. છીએ, અને જો તેમાં કાંઈ પણ ખામી હોય તો તે દરગુજરની આંખે જોવા માટે આટલુંજ જણાવવું બસ થશે કે દસતુરજી સાહેબની આ ફરહંગ તદનજ નવી અને પેહેલી વાર છપાઈ છે. આ ફરહંગ વિશે કેટલાક કાબેલ અને વિદ્વાન ગૃહસ્થોનાં મત આપણને આજ સુધી જણાવવામાં આવ્યાં છે, તે સઘલાં જોતાં તો દસતુર જામાસ્પજીની મેહેનતને પૂરતો જસ મલ્યો છે; અને તેમને તેથી પોતાનાં એ કામમાં વધારે ઉલટ સાથે આગલ ચાલવાને બની આવશે, એવી આપણે આશા રાખી શકીશું.

---

(**જ્ઞાનવર્ધક**, અકટોબર ૧૮૭૭.)

**આ** બિના ખુશાલી ભરેલી છે કે આજ થોડીક મુદત થઈ પેહેલવી જેવી પાદ-શાહ પેહેલવાનોની પેહેલે વાંધેની નામીચી કદીમ જબાન, જે એક વેલાએ આ-ખી ઈરાન સરજમીનમાં બોલાતી હતી તેની પર તારીફ લાયક ધ્યાન આપાવા લાગ્યું છે; અને શબ્દકોષ જેવી તેની એક મોહોટી અગતની ખુટ હાલ પૂરી પા-ડવામાં આવી છે. એ માન આપણા જાણીતા દસ્તુરજી સાહેબ જામાસ્પજીને ઘટે છે; જેવણે પોતાનો પેહેલવી શબ્દકોષ બાહાર પાડી પ્રજાની એક અછી સેવા બજાવી છે. અગત કરીને તેમાં જરથોસ્તી આલમને મગરૂર થવાનો

સબબ એ છે કે પરજ્ઞાતવાલા પણ ભલા "ઓરીએનટલીસતો" ને બદલે એ પુસ્તક દસ્તુરજીએ બનાવ્યું છે; જેની એક નકલની પોંહોંચ માન સાથે અતરે કબુલ રાખીએચ.

એ દફતરના છેલા નજદીક પોણીબસો પાનાં શબ્દકોષે રોકયાં છે; બાકીનાં પેહેલા એટલાંજ પાનામાં ખુલાસો અને દીબાચો મુખ્ય છે. એમાં કદીમ પણ અધરી પેહેલવી ભાષા ઉપર એક વાંચવા જોગ રીસાલો દીબાચાને રૂપે આપણા આગલ આવ્યો છે; જેમાં તેના પુરાતનપણાં, અર્થ વિગેરે બાબેના શક શુબેહેને તોડવાની કોશેશ કીધી છે. આ ફરહંગ તેની જાતની પેહેલી હોવાથી તેમાં કાંઈ ભુલ ચુક થાય એ સ્વાભાવિક છે ને તેમ બન્યું છે . . . . . . . .

એ પુસ્તકની એક ખુબી તેમાં આપેલા ધરમ સંબંધી બોલોની જે સમજ આપવામાં આવી છે તેમાં છે. લેકીન એના બીજા દફતરોમાં એવા બોલોની વધારે લંબાણથી સમજ આપેલી જોવાને હમો ઈચ્છીએ છીએ. આ પેહેલા વાલમની છપાઈ સારી તથા બાંધણી સુંદર છે. સામટી રીતે જોતાં પેહેલવી શબ્દકોષ જેવાં એક ભારે અગતનાં, મોહોટી મેહેનતવાલાં, ને પુશકલ વિદત્તાના ખપની જરૂરવાલાં પુસ્તકને બાહાર પાડવામાં જે ફતેહ દસ્તુરજી સાહેબ જામાસ્પજીએ મેલવી છે, તે માટે હમો તેમને મુબારકબાદી આપવાની રજા લઈએ છીએ.

---

(વિદ્યામિત્ર, અકતોબર ૧૮૭૭.)

જયારે કોઈ વિષય સુંદર ને સફાઈદાર છપાઈમાં આપણા જોવામાં આવેછે, ત્યારે આપણે ખુશી થૈયે છીયે; જયારે તે વિષય વિદત્તા શોભાવતો પંડીતાઈની ઓલખ દેખાડનારો જોઈએ છીયે, ત્યારે આપણે તેથી પણ વધુ ખુશી થૈયે છીયે પણ જયારે તે નામીચો વિષય પ્રગટ કર્તાને એક શ્યાણી કોમનો મોતેબર દરજજો ભોગવનાર ને પંકાયલા વિદ્વાન પંડીત જોઈએ છીયે, ત્યારે આપણી ખુશી બેહદ હોય છે. એક મશહુર પંડીતના વિદ્યા શોભાવનાર અભ્યાસની પૂણતા જોઈ આપણાથી તે ઉપર હેતનાં વાદલાં સંયોગો યશ વરસવાને બાકી રેહેતો નથી. આપણે તે ઉંચા દરજજાના વિદ્વાનને મ્હોટું આદરમાન દેવા તેવા કિમતી ગ્રંથ મારફતે એસ્તેકબાલ લેવા જવાને તત્પર થૈયે છીયે. તેવા મહાન ઉદ્યોગી પંડીતના વિદ્યાભ્યાસને દીલોજાનથી ઉત્તેજન આપવા આપણી તમામ શકતી હાજર કરવાને રાજી થૈયે છીયે, પણ આપણે તેવી ઉત્તમ પ્રકારની થતી મેહેરબાનીને વખાણી ગ્રંથકર્ત્તાના મોહોટા દરજજાને સભ્યતાનો શૃંગાર જોઈએ છીયે, ત્યારે તો તે ઉપર અથાગ સંતોષ પામીએ છીએ.

આ રીતે હર્ષભેર પેહેલવી શબ્દકોષના પેહેલા વાલમ અને તેના વિદ્વાન કર્ત્તા દસ્તુર જામાસ્પજીને મુબારકબાદી ઈચ્છીએ છીયે. આપણી પારસી કોમની અમૂલ્ય ને જોખમદાર દસ્તુરીનાં ઉત્તમ માનમાં ઉધરેલા એઓ આજ ઉત્તમ પંગતીના ગ્રંથકર્ત્તા ગણાઈ ચુકા છે. ઉત્તમ પ્રકારના આ પેહેલવી શબ્દકોષનો ઈંગ્રેજી ગુજરાતી ગ્રંથ રચનાર કેહેવાતા પોતાની કોમનુ શ્રેષ્ટ આદરમાનરૂપી મત પામ્યા છે. અતી દીકટ અતી પુરાણા અને અભ્યાસી આ વિષયથી મચકુર દસ્તુરે વિદ્વાન આલમમાં સાબેત કર્યું છે કે એઓ પોતાના અમૂલ્ય વખતને આ જગતની સેવામાં ગુજારવાને સદા ખંતી છે. એઓની એ સેવા એઓને માન પમાડનારી છે.; એઓને માન પમાડીને વિદ્વાન આલમને માન પમાડેછે, એ બહુ તારીફ લાયક છે. એ ઉદ્યોગ પસંદ પડતો ને વિદ્વાનોને પ્રશંસા પમાડનારો છે. દસ્તુરીના પાદશાહી મરતબા ઉપર બીરાજનારને સ્વાભાવિક છે કે અભ્યાસીપણું તાબેદાર કરી લે, પણ આ ખ્યાલ આપણા વિદ્વાન દસ્તુરે કેવલ લુલો કર્યો છે અને તેની સાબેતીઓ જોઈએ તો ખુલી મલી આવેછે. આજ વરસો થયાં આપણા આ બાહોસ ગ્રંથકર્ત્તા દસ્તુરે અછા નીબંધોથી પોતાના ટોલાંને પોતાની શકિત કેવી છે, તેમાં કેટલું આબ ને તેજ ને વિદ્વત્તા સમાયાં છે, તે ઓલખ આપી છે. અને તેવી પ્રકારના વિદ્યા ઉદ્યોગથી આગલ વધીને આજ અથાગ શકિતની ઓલખમાં આ કિમતી પેહેલવી કોષ, તેના ઈંગ્રેજી ને ગુજરાતી તરજુમા સાથ આપણી હજુર ઝલકાવ્યો છે. જેઓને પ્રાચીનકાલની ગુપ્તરૂપ ધારણ કરેલી વિદ્યાભ્યાસનો કાંઈક ખ્યાલ છે, તેઓ આ પેંહેલવી શબ્દકોષના આરંભથી હેરત થયા છે, પણ તે આરંભ જયારે પારશી કોમના એક દસ્તુરથી થયલો જોઈએ છે ત્યારે તેઓ હેરત થયા સાથ ખુશી ને સંતોષ જાહેર કરેછે. આગલા જમાનામાં ઈરાનની શાહાનશાહત વખતે રાજદરબારની જબાન પેહેલવી હતી, અને તેથી એકવાર આ જબાન સજીવન થાય તો ગુજરેલા પુરાણા વખતના રાજયધોરણોને શાહાનશાહતના કારોબાર ઉપર અજવાલું પડે. જે જમાનામાં શીકનદરે આપણું દુન્યાં પગ હેઠલ ધરી રાખનારૂં રાજય, શાહાનશાહ દારાના દસ્તથી જીતીલીધું તે જમાનામાં તો પેહેલવી એટલી ખીલેલી ને દરબારની વપરાતી જબાન હતી કે તે વેલાના શીકનદરનાં પરાક્રમનાં એહવાલો પેહેલવીમાંજ વિદ્વાનોએ નોંધી લીધા હતા. એ પેહેલવી જબાનને ફરીથી એકવાર અરદેશર બાબગાન ને શાપુર જેવા જોરેમંદ ઈરાની શાહાનશાહોએ તાજી કરી અને એવી ખીલવી કે તે પછી શું ધરમ કે શું રાજપ્રકરણને લગતા તમામ લખાણો તેમાંજ થયાં. તે ભાષાનો આજના જમાનામાં આખો કોષ ઉપજાવ્યાનાં કામ માટે જે અસલી વિદ્યાનો ખાં. તેમ ઘણીએક બીજી ગુંચવણોને ભેલસેલ સમજવાને સામર્થ હોય તેજ ફતેહમંદ ઉતરે; તેમ દસ્તુર ફતેહમંદ ઉતર્યા છે.

દસ્તુર પુરાતન જબાનના માહીતગાર જણાયા છે અને એઓની શક્તિ આ કામ પાર ઊતારવા યોગ્ય છે. તે ઉગમણ જબાન જાણકોએ પોતાના આભિપ્રાયમાં જણાવ્યું છે તે અભિપ્રાય મજકુર દસ્તુરની શકિત વખાણે છે. દસ્તુરનાં આ કામ આરંભને દીલોજાનથી પાર ચાહનારાઓમાં મોહોટા ને જાણીતા કાબેલ વિદ્વાનોનાં નામ બીરાજે છે. ડાકટર વીલસન જેવો બાહોશ પંડીત, ડાકટર એન્દ્રીઆસ જેવો જરમન વિદ્વાન ને વેસ્ત જેવો ઉગમણ તરફની ભાષાનો અભ્યાસી આ પેહેલવી કોષની આવૃત્તિને મોહોટાં માન ને જશને અમરતાનું એક મુખ્ય સાધન માનીને આપણા દસ્તુરની જેહેમતનાં મહા વખાણ કરેછે. પારસીઓના જાણીતા મહા કાબેલ પંડીતો, મી૦ ખરશેદજી રૂસ્તમજી કામાં, પુણેવાલા દસ્તુર હોશંગજી જામાસ્પજી અને મી૦ ધનજીભાઈ ફરામજી પટેલ, આપણા દસ્તુરના આ ઉદ્યોગને નામદારી નવાજનારો ને પારસીઓનાં નામને યશ પમાડનારો સમાન મત આપેછે. આજના આપણી હજુરમાં વસેલા વિદ્વાનોએ દસ્તુરનાં પેહેલવી શબ્દકોષનાં ભારી કામના વખાણ ગાઈ પોતાને સ્તુતિપાત્ર કર્યા છે, દસ્તુરનાં આ કામ ઉપર સંતોષની નજરે ચોકસ તપાસ જણાવવામાં જે તેઓએ ખાલેસપણું વાપરયું છે તે બંધે તરફ સારો સંબંધ બાંધે છે. ઉગમણ જબાનના મહાન અભ્યાસીઓનાં ઉંચા મત પામીને દસ્તુરજીએ પણ તેવાજ મત લાયક કામ બજાવ્યું છે તે કયો પંડીત એઓની મેહેનત ને વિદ્વત્તાને જશ ભરેલી સ્વીકારવા ના પાડશે? આ રીતે આપણા પંડીત દસ્તુર પોતાના અથાગ શ્રમના મોટા ગ્રંથ વિશે યશને માનપાત્ર થયા એ શુભ થયું છે. એ શુભ થવામાં સ્વચ્છ આનંદ સમાયો છે. સ્વચ્છ આનંદ એટલા માટે સમાયો છે કે, આવા ઉગમણ જબાનનાં અજવાલાં કરનારા કામમાં આજ તલક યુરોપના વિદ્વાનોએ જોકાવીને નામ કાઢયાં છે. જરમન દેશના વિદ્વાનો સર્વથી શ્રેષ્ઠ પદવીએ ઉદ્યોગમાં પામ્યા છે. પછે ફ્રેન્ચો અને ગ્રેટબ્રીટનના ભાષા અભ્યાસીઓનાં નામો અસલી જમાનાની જબાન પ્રગટ કરવામાં આશકારા છે. પેહેલવી ભાષા આ જમાનામાં કેવલ બીંદુ થઈ પડેલી તે ઊપર જે પણ કોશેશ, ખ્યાલ કે અજવાલું પડતું તે સઘલું યુરોપના વિદ્વાનોથી પડતું હતું. તે પ્રખ્યાત વિદ્વાનમંડલમાં પારસી કોમની સામેલગીરી થઈ છે, અને તે પણ પારસી કોમના મરતબાવાલા ને બુજોરગ દસ્તુર જેવા તત્વવેત્તાથી આરંભ થયો છે. એ ઉલટ ને ઉદ્યોગનો ખુશાલી પમાડનારો ફેરફાર આપણાં મન આનંદમય કરેછે. આપણાં જબાન વિશે અસલથી લાગુ પડેલા બેદરકારીના બટામાંથી આજે આપણી કોમને મજકુર દસ્તુરે મોકલી કરી છે. મોકલી કરીને ઈજતને દરજજો દીધો છે. તે જેઓ બારીકીથી ચોકસ તપાસ કરેછે તે તરત સ્વીકારે છે. અને આ ગ્રંથમાં બીજી હાંસીલ સમાયલી છે. તે હાંસીલ આપણને

આપણા એક મહાવિદ્વાન બેહેસ્તનશીન દસ્તુર મીનોચેહેરજીની નવેસરથી જાહેર આવતી ઓલખ છે. અવલમાં પેહેલવી શબ્દકોષનો આરંભ એ મરહુમ દસ્તુરજીએ કર્યો હતો, જેઓની કાબેલીઅત માટે આપણા પ્રસિદ્ધ વિદ્વાનોનું ઉંચું મત છે. પણ પ્રવીણ દસ્તુરજીના અકાલ મૃત્યુએ એ કામ આજ વર્ષો આગલ હયાતીમાં આવતાં અટકી ગયું, એનો કાંઈ ખુલાસો આપણો ગ્રંથકર્ત્તા પોતાના ગ્રંથ શીરૂઆતે આપેલા ખુલાસામાં આપેછે. તે મરહુમ દસ્તુરજી મીનોચેહેરજી માટે જે કાંઈ હમારા સાંભલવામાં આવ્યું છે તે પ્રમાણે તેઓ ઉગમણ ભાષામાં એક એવા મહાપંડીત થઈ ગયલા જણાય છે કે તેવા ઉસ્તાદો આપણા ટોલામાં કદાચજ મલી આવશે. ફારશી, જંદ, સંસ્કૃત, પેહેલવી ઈત્યાદિ પ્રાચીનકાલની ભાષાઓ તો તેમને ઘરની ભાષા માફક સેહેલ ને સાધારણ હતી. મરહુમની ફારસી ગજલો ને મુનાજાતો, સંસ્કૃત ને જંદ દુવાઓ પેહેલવી તરજુમા અને એ વિગરે આરબી લખાણો આજ પણ એઓનાં પુસ્તકખાનામાં હયાત હશે, એવા નામીચા દસ્તુરે આરંભેલા પેહેલવી કોષનો, તેમની મરજીને અનુકૂલ આવતો જનમ આપવાનું કામ તેઓનાંજ વિદ્યાભ્યાસી ને ચંચલ પુત્રથી આજના સુધરેલા વખતમાં આજના અતી ઘણા સુધારાને ઉપયોગીપણાં સાથ ઈંગ્રેજી જબાન સાથે પાર પડતું જોઈ પારસી કોમની છાતીમાં બેશક મોહોટાઈનો ઉછાલો થાશે. દસ્તુર મીનોચેહેરજી જો હયાત રહ્યા હતે તો પેહેલવી કોષ, ફારસી જબાનના તરજુમા સાથ જાહેર પાડતાં ઉગમણ જબાનમાં મોહોટું નામ કાઢી જાતે, અને ઈરાન દેશના ફારસી વિદ્વાનો પાસ ઓર પણ પોતાની ફારસી જબાન માટે ઉંચું મત બંધાવ્યામાં ફતેહ પામતે. વલી આ અમૂલ્ય ગ્રંથમાં એક સબબ આજ અછા હીત સહીત ગુપ્ત સમાયલો છે. તે આપણી સઘલી પારસી કોમને સુધરાઈને ખાલેસીમાં ઉત્તમ કહેવાડે છે. આ સબબ તે, તેનું આપણા માજી ગવરનર સાહેબ. સર ફીલીપ એડમન્દ ઉડહાઊસને અર્પણ થવું છે. આ છેલો હાકમ પોતાની હાકેમીની સરૂવાત આપણી કોમ સાથ નાદુરસ્ત લાગણીથી કરી ચુકો હતો. તે નામદાર આપણ સંગાથે બેદરકારી ને ગુમાનથી વર્તવાને હીમત કરી શકયો, તેણે આપણી પારસી મોહોટાઈ અને મરતબાને બેબીસાત ગણીને આપણી ઊપર નાલાયકી ગુજારી, જે માટે આપણા પાણીવાલા ફીરકાએ ગ્રેટબ્રીટન હિંદુસ્તાનના વજીરને ફરીયાદ ગુજારી હતી. તે દીલગીરીભરેલો આયામ વહી ગયો. વખત ફેરવાયો, અને આપણા દસ્તુર ગ્રંથકર્ત્તા એ છેલા હાકેમને પારસીઓનાં ઊદાર દીલ, ખાલેસી, ધીરજ ને ક્ષમાનો એવો તો મોતેબર દાખલો દેખાડે છેકે પારસી લોહી વખણાયું છે. આ એક દાખલો એવો સંતોષકારક બન્યો છે કે બીજા એવા ન્હાના અગણીત દાખલાઓ નીર્જીવ તરફથી બન્યાં કરતાંને

સરસ ને મતલબને અનુસરતું છે. આ દાખલામાં માજી ગવરનર સાહેબને પારસી ક્ષમાશકિતનો સીધો ખ્યાલ આવ્યોજ હશે. પારસી કોમપર કોપથી જોનારા તે હાકમે આ એક પારસીઓમાં પાદશાહી દરજજેના જ્ઞાની દસ્તુરથી મલેલા અર્પણ આદરમાન સંજોગે પારસી ફીરકાની મ્હોટાઈ અને સુધરાઈ ને ઊદારતા ને ઊંચા લોહીની કિમતી અસર બુજી હશે, ગુજરેલા ગેરઈનસાફ ઊપર ઓર તેને દલગીરી ઊપજી હશે. એ બેશક બનવા જેવું છે. એ સુધરાઈ ને સફાઈ પામેલા ઉંચાં દીલના દાખલાથી મજકુર દસ્તુરે આંવતા હીંદુસ્થાનના હાકેમોની નજરમાં આપણી કોમને માન ને ઈજત પમાડી છે. એ દસ્તુરે ભરેલું કદમ બહુ વાજબી છે. એ કદમ ભરાયું, તે ભરનારના મોહોટા ને ઈજતવાલા મરતબા તરફ જોતાં નેક થયું છે. એ કદમ ગુણીને પસંદ છે. લાંબો તરક પોંહોંચાડનારા આ અર્પણથી સંતોષ માને છે. કોઈ ગુજરેલા બેહોશ બનાવનું કપટ રાખી દીલ સાંકડું દેખાડવાનું કામ દાનાવો પસંદ રાખનાર નથી. વેર ને હરીફાઈમાં મોહોટા વિદ્વાનો પોતાની વિદ્યા લજાવવાના કામથી હાથ ઊઠાવે છે, સાંકડા મનમાં ડહાપણ જલવાતું નથી; તેવી સ્થીતિમાં આવી પડી પશ્ચાત્તાપ સંગ્રહ કરવો એ કામ આપણી પારસીની અસલી ને પુરવીણ કોમને બીલકુલ લાયક નથી. તેની આપણા કાબેલ દસ્તુરે દર્યાફત કરી છે. તે દર્યાફત કરીનેજ એ અર્પણ કરવાનો ખ્યાલ મનમાં ઊત્પન્ન કર્યો હશે, ઘણાક કલાકો એ ખ્યાલ દૃઢ કરવામાં ગુંતાયા હશે. એ કદમ ભરવામાં ખરી ફરજને હૈડે ધરી હશે. અને તે સિદ્ધ થતાં પરીણામે આ કદમ ઉપર અમલ કરી તે ભરાયું છે એવો ચોકસ અટકલો થાયછે. એ લાંબી નેગાહથી પારસી ઈજતમાં વધારો થયો છે એ ઉપકાર પારસી ફીરકા ઊપર પેહેલવી શબ્દકોષનો ગ્રંથ વરસાવવાને ભાયગશાલી નિવડયો છે. એ જયારે આપણા ધ્યાનમાં ચોકસ કરેછે, ત્યારે તે ગ્રંથ પોતામાં સમાયલી અમૂલ્ય ને વિદ્વાન સેવાથી કેવો ઘટારત ને ગુણવાન નીપજયો છે એ વિશે જેટલું બોલાય તેટલું થોડુંજ. પેહેલવી શબ્દકોષ અનેકાર્થે સમાયલી તજવીજોથી હમને તો બહુ સંતોષ પમાડે છે. એ એક લેખે આ જમાનાની સુધરેલી પારસી જ્ઞાનશકિતની માતબરી છે.

છેહલે ઊગમણ જબાનના પ્રવીણ જાણનારા જયારે એ કિમતી ગ્રંથની સેવા મોહોટા હેત ઊમંગથી સ્વીકારે, ત્યારે આપણથી એના કાબેલ રચનારને એ અતી ઊપયોગી કામમાં ફતેહ ઈચ્છયા વિના એ ગ્રંથને વાજબી ઈનસાફ આપી શકાતો નથી. એવી વાજબી ઈચ્છામાં જ્ઞાનીઓ ફકત નામનીજ સામેલગીરી ધરાવશે નહીં પણ એ કામ દરમેઆન જોઈતી સઘલી મદદને ફિરતી આપવાને મેદાન પડશેજ. વલી પારસી ટોલાના દરેક જણ પોતાની કોમનો મોહોટા મરતબાનો દસ્તુરનો પેહેલવી ગ્રંથ ખરીદી દવ્યનો બોજો એવો ઊપર પડવા દેનાર

નથી, કે જેથી જેવો આરંભ થયો તેવીજ સમાપ્તિ થતાં ગ્રંથકર્ત્તાને મહાન અમર યશ મલે, સેવટે અમો આપણા ગ્રંથકર્ત્તા દસ્તુર સાહેબને એવણના ઊદ્યોગમાં સંપૂર્ણતાની મુબારકબાદી ચાહીએ છીએ.

પણ એટલું તો જણાવવાને ભુલવું નહીં જોઈએ કે આ ગ્રંથ જેવો સરસ વિદ્ત્તાથી પૂર છે તેવીજ સરસ છપાઈ લેવાઈ છે. આપણી ટાપુના પ્રખ્યાત એજુકેશન સોસૈટી પ્રેસમાં આ ગ્રંથ છપાયો છે. જ્યાં છપાઈના છાપાની સુંદરતા ખીલવવાને કસી બાકી રાખી નથી. એવી સરસ છપાઈનો ગ્રંથ આજ તલક હમારા જોવામાં ફકત મી૦ અરદેશર ફરામજી મુસની હિંદુસ્થાનની મુસાફરીનો આવ્યો છે જેમાં તેના કાબેલ કર્ત્તાએ આપણા પેહેલવી શબ્દકોષ ગ્રંથકર્ત્તા જેવો શોખ બતાવ્યો છે. પણ આ પેહેલવી ગ્રંથમાં તો છપાઈની સુંદરતાની હદજ થઈ છે. ઝલકાટ ભરેલા જાડા કારડ જેવા લીસા કાગલો ઊપર પેહેલવી જેવી પુરાણી જબાનનાં ખીલા, હાલ જમાનાની ઈંગ્રેજી ને ગુજરાતીના સુંદર આકાર સાથે જાણે છપાઈની ખુબસુરતીનું ચિત્ર થઈ રહ્યું હોય એવો આ ગ્રંથ શોભી રહ્યો છે. ઘણીજ સરસ છપાઈ, ઘણોજ ઉપયોગી અમૂલ્ય ગ્રંથ ને મહાન દરજજો ધરાવનાર કાબેલ કર્ત્તા એ સંધા સાધન સાથ મલ્યાથી સર્વે કહી શકશે કે પેહેલવી શબ્દકોષ આપણા પુસ્તકખાંનાની ઊત્તમમાં ઊત્તમ શોભા થઈ છે.

# આએ કેતાબ ખરીદદાર સાહેબોનાં નામની વધુ ટીપ.

| નકલ. | |
|---|---|
| ૨ | શેઠ અબદુલ સકુરમુસા (ગ્યારીસા). |
| ૧ | શેઠ અરદેશર બેરામજી કાપડીઆ. |
| ૧ | શેઠ ઍદલજી મેહેરવાનજી. |
| ૬ | કલકતાની નામદાર સરકાર. |
| ૧ | શેઠ ખરશેદજી કાવરાજી. |
| ૧૦ | સર જંમશેદજી જીજીભાઈ તરાંસલેશન ફંડ ખાતેથી. |
| ૧ | શેઠ જીવનજી ઍદલજી ગોમીસા. |
| ૧ | શેઠ દાદાભાઈ પેસતનજી. |
| ૨ | શેઠ દાદાભાઈ બેજનજી કાતરક. |
| ૧ | શેઠ દાદાભાઈ રૂસતમજી અપુ. |
| ૧ | શેઠ દોરાબજી કામાજી બરૂચા. |
| ૧ | શેઠ દોરાબજી ફરદુનજી ઉસતાદ. |
| ૧ | શેઠ નવરોજજી જેહાંગીરજી ગાંમદીઆ. |
| ૧ | શેઠ નવરોજજી માનેકજી શેઠનાં. |
| ૧ | શેઠ નસરવાનજી નવરોજી બોદ. |
| ૧ | શેઠ નસરવાનજી ફરદુનજી પારખ. |
| ૧ | શેઠ પેસતનજી ઍદલજી સરાફ. |
| ૧ | શેઠ ફરાંમજી અરદેશર દાવર. |
| ૧ | શેઠ ફરામજી હોરમજજી બમનજી શેઠનાં. |
| ૧ | શેઠ બમનજી ખરશેદજી બાંદુપવાલા. |
| ૧ | શેઠ બરજોરજી રૂસતમજી મીસતરી. |
| ૧ | શેઠ બેહેરામજી નશરવાનજી સંજાણાં. |
| ૩ | મદરાસની નામદાર સરકાર. |
| ૧ | દાકતર માનેકજી આદરજી. |
| ૧ | શેઠ રતનજી જમશેદજી જસાવાલા. |
| ૧ | શેઠ રતનજી જમશેદજી ફરદુનજી પારખ. |
| ૧ | રોયલ લાઈબરેરી ઑવ બરલીન. |
| ૩ | શેઠ રૂસતમજી દાદાભાઈ માદન. |
| ૧ | શેઠ હોરમજજી બેજનજી દસતુર. |
| ૧ | શેઠ હોરમજજી મેહેરવાનજી નારીએરવાલા. |

અહાનદ, અહાને, ahânad, ahânê. ક્રિ૦ અ૦ બીજું, બીજી મરતબે. Adv. Another, a second time.

અહુને, ahunê. વિ૦ આજેજ. Adj. Unable, weak, humble, hopeless.

અહુન્યે, આનીયે, ahunyê, ânîyê. વિ૦ બીજું. Adj. Another.

આવંદ, âvand. એક પ્રત્યય છે, જેનો અર્થ "રાખનાર," "ધરાવનાર" થાયછે:—જેમકે =શક્તિ ધરાવનાર, કૌઅત રાખનાર. A suffix denoting "one who keeps—possesses":—as in =one who keeps strength—vigour.

આહોએ, âhôê. ના૦ એબ, ઈલ્લત. Blemish, vice. Pâz.

ખાનગ, khâng. આએ બોલ એક ફરહંગમાંથી લીધો છે અને તેનો પાજંદ છે. This word is taken from a glossary, and its Pâz. equivalent is

ખાનદ, khânad. ક્રિ૦ વાંચેછે, ભણેછે, પઢેછે. V. Reads, recites, studies (pres. 3rd sing.).

ખાને, khânê. ના૦ ઘર, મકાન, રહેઠાણ, વાસો. Subs. A house, an abode, residence. Comp. Per. خانه

ખાવંદ, khâvand. ના૦ સાહેબ, ખોદાવંદ, બુજોર્ગ, ધણી, ભરથાર. Subs. Lord, master, a man of authority, an elderly and venerable man, a husband.

યાવંદ, yâvand. વિ૦ પામનારૂં, હાંસલ કરનારૂં. Adj. Obtaining, acquiring. Comp. Per. یابند

હવંદ, હાવંદ, havand, hâvand. Vand. VIII. ક્રિ० અ० ખઈ, ખરેખર, બરાબર, એકસરખી રીતે, મલતું; પોતે. Adv. Truly, positively, properly, alike, equally, personally.

હવંદ, havand. વિ० એકસરખું, શબ્દ० અ० નજદીક, આગલ. ના० હદ. Adj. Similar. Prep. Near, before. Subs. A limit.

હવંદ, havand. ક્રિ० થાએ, હોએ. V. May be—become—happen. Av.

હવંદ, havand. Vand. VIII. સર્વ० પોતે, જેમકે = 'તે પોતે દેવ'. Pron. One's self.

હાન, hâna. વિ० બીજું. Adj. Another. Av.

હાવંદ, hâvand. ના० પડતલ જગ્યા. વિ० એકસરખું. Subs. Waste land, an uninhabited or uncultivated tract of land. Adj. Like, similar. Av.

હાવંદ, hâvand. ના० ઉતરતી અંધારી, અંધારીનું ઉતરવું. Subs. The shading darkness, decline of darkness.

હાવંદ, hâvand. ક્રિ० અ० એટલું બધું. Adv. So much.

અખુઈ, હવંઘેહ, akhuî, havanghêh. વિ० દિલવાલું, દિલોજાન; કીર્તિવાલું. Adj. Hearty, cordial, sincere; glorious, illustrious.

અખ્વી, akhvî. વિ० દિલગુરદાવાલું, કએઆશ રાખનારૂં. Adj. Hearty, contemplative.

અહનવી, અહુની, ahnavî, ahunî. ના૦ મેહેરબાંની, રેહેમ, નરમ દિલ, બક્ષેશ, રેહેમત. Subs. Favour, regard, mercy, kindness, a soft—kind heart, gift.

અહૂઈ, અહૂગી, ahûî, ahûgî. ના૦ સાહેબી, મ્હોટાઈ, પાદશાહી, બુજોરગી; જીંદગી, હૈયાતી. Subs. Mastery, rule, authority, sovereignty, greatness, command; life, existence.

આહૂયે, âhûyê. ના૦ કરપીન ગુનાહ કરવો તે, મરદુમ દુશ્મની, મનુષ્ય જાત સાથનો દ્વેષ. Subs. Committing a wicked crime, enmity with mankind, misanthropy.

ખાવી, khâvî. Yt. Serôs. વિ૦ ઉંઘરેટું, ખાબવાળું, જાગૃત નહીં. Adj. Sleepy, drowsy, not wakeful.

હાઊશ, hâûsh. ના૦ જ્ઞાત, નાત, જાત. વિ૦ મલતું, લગતું. Subs. A caste, a sect, kind, sort, class. Adj. Similar, alike.

હાની, hânî. વિ૦ બીજું, ઉલટું; જેમકે […]='બીજી-ઉલટી મોરાદ-ઈચ્છા.' Adj. Another, contrary, reverse; as in […] = another or contrary wish—desire.

હાવોશ, hâvôsh. Gloss. ના૦ પેગમબરની ઉમત, કોમ, શાગેરદ, શિષ્ય, ચેલો; તરજુમો. Subs. People of the same belief, nation, tribe; a pupil, a disciple; translation.

ખાનીહા, khânîhâ. ના૦ નેહેરો, ઝરાઓ, નાલાંઓ. Subs. Rivulets, brooks, springs. Per. خانیها

હાનીહા, hânîhâ. ના૦ હાવનીમો, ખાંડણીઓ. Subs. Hâvanîms, metallic mortars.

અ-હોશી, a-hôshî. Dâd. ના૦ અમરપણું. Subs. Immortality. Comp. Av. , Per. هُش

અ-હોશીહા, a-hôshîhâ. ક્રિ૦ અ૦ વગર મોહોતે; મુરખાઈપણે, જંગલીપણાથી. Adv. Without death; foolishly, in a savage manner.

અ-હોશોમંદ, a-hôshômand. Dâd. વિ૦ મોહોત વગરનું, અમર. Adj. Immortal, deathless, imperishable. Comp. Av.

હાન-બેહેર, hân-bêhêr. ના૦ બીજો ભાગ. Subs. Another share, portion.

હવન-ગાહ, havan-gâh. ના૦ પડતલ જગા, ખેડાણ વગરની જગા. Subs. Waste land, fallow—uncultivated land.

હાવન-ગાસ, હાવન-ગાહ, hâvan-gâs, hâvan-gâh. ના૦ હાવન ઘેહનો વખત, સહવારનો વખત, દાહાડાની પેહેલી ઘેહ. Subs. The time of Hâvan, the morning time, the first division of the day. Comp. Av.

અ-ખુનશંદી, a-khunshandî. વિ૦ નાખુશ થયલો, અસંતોષી. ના૦ નાખુશી, અધીરાઈ. Adj. Displeased, discontented, dissatisfied. Subs. Displeasure, dissatisfaction, impatience. Pâz. Contrast Per. خرسندي.

ખા-દાન, khândân. ના૦ નસલ, પેહેડી, અવલાદ, ખા-

નદાન. Subs. Family, race, pedigree, descent, generation. Per. خاندان

ખાનેશ્ને, khânêshnê. ના૦ પઢવું, ભણતર, ભણવું. Subs. Act of learning—reading—reciting.

યાવનદાન, yâvandân. ના૦ પામનારાં. Those who obtain.

હુનશ્ને, hunashnê. ના૦ છુંદવું, કુટવું, નિચવવું. Subs. Act of pounding—beating—squeezing.

હાવન-શેગાફ્તન, hâvan-shêgâftan. ક્રિ૦ હાવનીમ વજાડવી. V. To sound—ring a Hâvanîm (a metallic mortar).

હાની-કામ, hânî-kâm. ના૦ બીજી-ઉલટી ઈચ્છા. Subs. Another or contrary wish.

હાવોશ્ત, હાવેશ્ત, hâvôsht, hâvêsht. See hâvôsh.

હાવોશ્ત, hâvôsht. ના૦ પેગમબરના ઉમત; શાગેરદ, બંદો, ગોલામ. Subs. People of the same belief; a pupil, a servant, a slave.

હાવેશ્તાન, hâveshtân. ના૦ બખ્ત-આફ્રીદ નામના દસ્તુરનાં છોકરાનું નામ. Subs. Name of the son of Dastur Bakht-âfrîd.

હાવોશ્તાંન, hâvôshtân. ના૦ શાગેરદો; પેગમબરની ઉમતો. Subs. Pupils; men of the same belief.

અ-હુઈદાર, a-hûîdâr. વિ૦ દેહેશત—ધાસ્તી નહીં રાખનાર. Adj. Not fearing—dreading.

અહુઈદાર, ahûîdâr. વિ૦ સાહેબી કરનાર,

મ્હોટાઈ ભોગવનાર. Adj. Enjoying superiority—greatness.

અહુ-દાદાર, ahû-dâdâr. ના૦ પેદા કરનાર ધણી. Subs. The Lord Creator.

અહુન-દાદાર, ahûn-dâdâr. ના૦ શુરાખ કરનાર. Subs. One who makes a hole.

અહુનીદાર, ahûnîdâr. વિ૦ શુરાખવાળું. Adj. Having holes, perforated.

હાવેશ્તાર, hâvêshtâr. ના૦ સાગેરદી કરનાર, શિખનાર. Subs. An apprentice, a learner.

હાવોશ્તાર, hâvôshtâr. ના૦ શિષ્યપણું કરનાર, શિખનાર, શિખાઉ. Subs. A youth or scholar under the care of an instructor or tutor, a learner, a tyro.

હાવેશ્તી, hâvêshtî. ના૦ શાગેરદી, ચેલાપણું. Subs. Pupilage, apprenticeship.

હાન-શતુનીહા, hân-shatunîhâ. ના૦ બીજાં શેહેરો. Subs. Other cities.

હાવેશ્તગીહા, hâvêshtagîhâ. ક્રિ૦ અ૦ શિષ્યની રીતે, ચેલા તરીકે. Adv. In a way deserving of a pupil—apprentice.

અહુ-ગામે, ahû-gâmê, ના૦ ખરાબ—દરીદ્ર પગલાં. Subs. Ominous footsteps.

અહુ-જામે, ahû-jâmê. ના૦ ખરાબ—મેલાં કપડાં. Subs. Bad—dirty clothes. + = Per. جامه

[Pahlavi] અહૂ-શમઘ, ahû-shamagh, ના૦ ખરાબ—ખોરૂં તેલ. Subs. Bad—rancid oil.

[Pahlavi] હનગામે, hangâmê. ના૦ વખત, મોહોસમ. Subs. Time, season. Per. هنگام

[Pahlavi] હાન-જામે, hân-jâmê. ના૦ બીજાં—પડત કપડાં; બીજો—પડત જામ—પ્યાલું. Subs. Other—unused clothes; another cup, an unused goblet. [Pahlavi] + [Pahlavi] = Per. جام

[Pahlavi] હાન-દામે, hân-dâme, ના૦ બીજી પેદાયશ. Subs. Other creations. [Pahlavi] + [Pahlavi] = Av. [Avestan], Sans. **धामन्**, Per. دام

[Pahlavi] હાન-શમે, hân-shamê, ના૦ બીજું નામ. Subs. Another name. Comp. Ar. اسم

[Pahlavi] આએ બોલ પેહેલવી 'દામદાદ'માં, પેગમબર અશો જરથુશ્તની બાબદમાં આવેલો છે. This word occurs in the subject on Zoroaster in the book called *Dâmdâd*.

[Pahlavi] અ-ખુબે, a-khubê. વિ૦ ખુબી વગરનું, સારૂં નહીં. Adj. Devoid of goodness—merit, not good. Contrast Av. [Avestan], Per. خوب

[Pahlavi] અહુઈ, ahuî. See [Pahlavi] ahûî.

[Pahlavi] અહુયે, ahuyê. ના૦ પાદશાહી, સાહેબી; અહુરમજદી. Subs. The kingly office or dignity, royalty; Godhead, Hôrmazdî.

[Pahlavi] આનોયે, ânôyê. ના૦ તે જગા, તે જેહાંન. Subs. That place, that world (*i.e.*, the next world).

ખાવગી, khâvgî. ના૦ ખાલેસી, પાકીજગી, નિર્મલતા. Subs. Purity, cleanness, guilelessness, limpidity, clearness.

ખાવી, khâvî. Yt. Serôs. વિ૦ ખાબવાલું, ઉંઘરેટું. Adj. Sleepy, drowsy.

હાનીએ, hânîê. ક્રિ૦ અ૦ બીજું, બીજી રીતે. Adv. Another, a second time, in another way.

હાવંદી, hâvandî. Dink. વિ૦ માફક, બરાબર. Adj. Similar, agreeably uniform.

હૂબે, hûbê. ના૦ પુષ્ટિ, હીમાયત ; ખાંધ, ખભું. Subs. Support, protection, advocacy; a shoulder.

આએ બોલ દીનકર્દનાં ચોથાં દફતરમાં નીચે જણાવેલી એબારતમાં આવેલો છે:—This word occurs in the following sentence of the 4th volume of the Dinkard:—

અહવંદી, ahvandî. See hâvandî.

અહુ-વેશ, ahu-vêsh. ના૦ વધારે એબ–ખામી. વિ૦ વધારે ખરાબ. Subs. More defects—blemishes—failings. Adj. Worse, more depraved—evil.

યાવંદી yâvandî. વિ૦ પામવા—હાંસલ કરવા લાયક, મેલવવા જોગ. Adj. Obtainable, that may be procured.

હાન્દી, hândî, ક્રિ૦ અ૦ બીજી રીતે, જુદી રીતે. Adv. In another way, in a different manner.

હાન-નસા, hân-nasâ. ના૦ કોઈ બીજો નસો, બીજી કોહોતી ચીજ. Subs. Some other putrid matter, some

other dead body in a state of decomposition. Comp. Av.

હાન-વેશ, hân-vêsh. વિ૦ બીજું ઘણું. Adj. Something more, much more.

હાવંદી, hâvandî. ના૦ બરાબરી, સરખાપણું, સરખામણી. Subs. Equality, similarity, likeness.

હાવનદિશ, hâvandish. ક્રિ૦ અ૦ એવું, તેવું, એ પ્રમાણે. Adv. Such, so, in such a manner.

અહ્વંદીહા, ahvandîhâ. ક્રિ૦ અ૦ બરાબર રીતે, એકસરખી રીતે, સરખામણીની રીતે. Adv. Equally, uniformly, similarly, by comparison.

ખાવંદીહા, khâvandîhâ. ક્રિ૦ અ૦ ખાવંદપણાની રીતે, ધણીપણાથી. Adv. In a manner befitting (or worthy) of a husband.

હવંદ-શીદા, havand-shîdâ. ના૦ ખરેખર દેવ, પોતે દેવ. Subs. Himself a Dêv, really a Dêv. Comp. Av.

અહવંદીહેદ, હવંદીહેદ, ahvandîhêd, havandîhêd. ક્રિ૦ બરાબર—સરખું થાયછે. V. Becomes equal—similar—alike. (Pres. 3rd sing.)

અ-ખુનેશ્ને, a-khunêshnê. ના૦ પઢવા વગરનું, નહીં ભણવું. Subs. Not reciting—reading; state of being not recited—read.

અહુઈગાન, અહુઈયાન, ahûîgân, ahûîyân. ના૦ સાહેબો, મ્હોટાઓ, બુજોરગો, સાહેબી કરનારા—રાખનારા. Subs. Grandees, lords, elders, those that exercise authority, those who govern—sway.

ખાનેશ્ને, khânêshnê. ના૦ પઢવું, ભણતર. Subs. Reciting, reading.

હવંદશ્ને, havandashnê. ના૦ બરાબર—સરખું કરવું. Subs. Doing equal—alike—similar.

ખાવીગી, khâvîgî. See , khâvagi.

અ-ખુ-સંદી, a-khunsandî. ના૦ નાખુશી, દલગીરી. Subs. Displeasure, dissatisfaction, sorrow. Contrast Per. خرسندي

અ-ખુ-સંદીહાતર, a-khunsandîhâtar. ક્રિ૦ અ૦ વધારે દલગીરીથી—નાખુશીથી. Adv. In a more dissatisfied—displeased manner, more sorrowfully.

અહુએ-દસ્તોબર, ahuê-dastôbar. ના૦ દસ્તુરોમાં વડો—સરદાર. Subs. The Dasturân Dastur, the chief among the Dasturs.

અહુ-દસ્તોબર, ahu-dastôbar. ના૦ એક પુરૂષનું નામ છે, જેમકે Subs. Name of a person ; as in—

ખાવંદીતર, khâvandîtar. વિ૦ વધારે ધણીઆતું—ધણીને લગતું, વધારે એખલાને લગતું વલગતું. Ad. More personal, more belonging to a proprietor, more pertaining to one only.

હવંદ-સતર, havand-satar. Dâd. વિ૦ સેતારા—તારાના જેવા. Adj. Resembling stars, star-like.

હવંદીતર, havandîtar. ના૦ વધારે બરાબરી—સરખાપણું. Subs. Greater similarity—equality.

[illegible] હાવંદીતર, hâvandîtar. વિ૦ વધારે મલતું આવતું, વધારે બરાબરીઉં. Adj. More equal—similar—resembling.

[illegible] અહુન-જીનાક, ahun-jînâk. ના૦ તે જગા, તેજ જગા. Subs. That place, that very place.

[illegible] અ-ખુરસંદ, a-khursand. વિ૦ અસંતોષી, નારાજ, અધીરૂં, ગંભીર. Adj. Discontented, displeased, impatient, grave. Av. [illegible], Pâz. [illegible]

[illegible] અ-ખુનસંદી, a-khunsandî. ના૦ અધીરાઈ, નારાજી, અસંતોષ, નાખુશી, દલગીરી. Subs. Impatience, discontentedness, dissatisfaction, sorrow.

[illegible] અ-ખુનસંદીહા, આનુસોઈહા, a-khunsandîhâ, ânusôîhâ. ક્રિ૦ અ૦ નાઉમેદીથી, દલગીરીથી, નાખુશીથી, અસંતોષીપણે, રજા વગર. Adv. Hopelessly, sorrowfully, unwillingly, discontentedly, without permission.

[illegible] અ-ખુનસંદતર, a-khunsandtar. વિ૦ વધારે નાખુશ—દલગીર, વધારે અસંતોષી—અધીરૂં. Adj. More displeased—sorry, more discontented—impatient.

[illegible] અહુએ-દીન, ahuê-dîn. ના૦ દીનનો સરદાર, દાવર. Subs. The chief of the religion, *Dâvar*.

[illegible] અ-દોસ્તાન, a-dôstân. Yt. Serôs. ના૦ દોસ્તો નહીં તે, દુશ્મનો. ("દોસ્ત" ને માટે અસલ શિકલ [illegible] એ પ્રમાણે આવેછે.) Subs. Not friends—companions, enemies.

ઓખે-ઉસ્તોમંદ, અંગુ-સ્તોમંદ, ôkhê-ustômand, angu-stômand. See akhîstômand. Av. Pâz.

હવંદીદન, havandîdan. ક્રિ૦ બરાબર—સરખું થવું હરીફાઈ કરવી. V. To be equal—alike—similar, to vie with, to compete.

હાન-સ્તોરી, hân-stôrî. ના૦ બીજો પાલક, બીજા કુટુંબનો પાલક. Subs. Another adopted son, the adopted son of another family.

અહુ-સરોશી, ahu-saroshî. ના૦ હોકમવાલો ગુરૂ, ફરમાંન આપનાર સાહેબ. Subs. An authoritative religious teacher, one who issues mandates. + = Av. (from Av. )

ખુન્બે, khunbê. ના૦ મટોડીનું વાસણ. (અસલ શિકલ , , એ પ્રમાણે આવે છે.) Subs. An earthen pot—vessel.

હવંદ-વાજ, havand-vâz. ના૦ બરાબર—ઘટતી બાજ. Subs. A proper *Bâj*.

હવંદ-વાજોમંદ, havand-vâzomand. Nêrang. વિ૦ ઘટતી બાજવાલું, મુગું રેહેનારૂં. Adj. Relating to a proper *Bâj*, keeping silence.

અહૂઈનાદ, ahûinâd. ક્રિ૦ સાહેબી હોજો. V. May he enjoy mastery.

અખ્વીની, અખ્વીએ, akhvînî, akhvîê. વિ૦ રોશન વિચારવાળું, લાંબી નેગાહવાળું, દૂર અંદેશી. Adj. Having a clear idea, provident, foresighted.

અહુએ-દોસ્તી, ahuê-dôstî. ના૰ દોસ્તીનો સાહેબ. Subs. Master of friendship (lit.).

અહૂ-ગંદ-દદી, ahû-gand-dadî. વિ૰ ખરાબ ગંદ આપનારૂં. Adj. Emitting a strong—offensive smell, stinking.

અહૂ-ગંદીદી, ahû-gandídí. વિ૰ ખરાબ ગંદગી કરનારૂં. Adj. Polluting, contaminating.

અહૂ-વીનસ્તી, ahû-vînastî. ના૰ ખરાબ નજર. Subs. An evil sight.

હવંદ-વસ્તી, havand-vastî. વિ૰ એકસરખી રીતે બાંધનારૂં. Adj. Binding similarly.

અહૂ-દુદે, ahû-dudê. ના૰ ખાનદાનનો વડો. Subs. The head of a family, *paterfamilias* (L.).

અહુનાંન-વઈરાંન, ahunân-vaírân. ના૰ યજશનેનાં ૧૯ મા હાનું નામ. Subs. The name of the 19th chapter of Yasna.

અહુનાન-વારાન, અહુનેમ-વારાન, ahunân-vârân, ahunêm-vârân. ના૰ "અહુનેમ વઈરીમ" નામની બંદગી. Subs. The prayer *Ahuna vairya*. Comp. Av.

ખાન્દે, khânde. ના૰ પઢનાર. Subs. A reciter.

હાવંદ-કેરફે, hâvand-kêrfê. ના૰ સમતોલ સવાબ. Subs. Evenly proportioned merit (arising from virtuous actions).

અહૂઈ-કેરફગી, ahûi-kêrfagî. વિ૰ સવાબની ઉપર સાહેબી ભોગવનારૂં. Adj. Enjoying supremacy over righteousness.

ખાવંદ-કેરફ઼ગી, khâvand-kêrfagî. ના૦ સવાબ-કારી પુરૂષ, પુણ્યવાન શખ્સ. Subs. A righteous—virtuous man, a person sanctified or purified through the acquisition of virtue.

યાવંદ-કેરફ઼ગી, yâvand-kerfagî. ના૦ સવાબ પામનાર—મેલવનાર. Subs. One who obtains the reward of virtue.

હાવંદ-કેરફ઼ગી, hâvand-kêrfagî. ના૦ એકસરખા સવાબનાં કામો. Subs. Evenly proportioned virtuous deeds.

અહુનેચ, ahunêcha. ક્રિ૦ અ૦ હજુબી, હમણાં પણ; કોઈબી રીતે. Adv. Even now, even at the present time.

હવંદચ, havandacha. વિ૦ બરાબર પણ—બી. Adj. Even equal—alike.

હાનીચ, hânîch. ક્રિ૦ અ૦ ત્યારે ખસુસન, જ્યાંહાં—સુધી, હજુ વેર—સુધી. Adv. Certainly then, till, as long as, till now, as yet.

હાવની-ચ, hâvanî-cha. વિ૦ બીજું. ક્રિ૦ અ૦ હજુ પણ Adj. Another. Adv. Even now.

હાવંદીચ, હાવંદચ, hâvandîcha, hâvandacha. વિ૦ પ્રમાણ પ્રમાણેબી, સરખુંબી. ક્રિ૦ અ૦ એટલું બધું પણ, હજુબી. Adj. Even proportionate—similar. Adv. Even so much, even up to this time. Av. +

અહૂઈવાંન, ahûîvân. ના૦ સાહેબી રાખનારા, મ્હોટાઈ ભોગવનારા. Subs. Those who exercise authority, those who enjoy superiority.

અહુ-વીઝાન, ahu-vîzân. ના૦ ખાલેસ સાહેબો ; ખો-લાસો કરનાર સાહેબો ; સાચું બોલનાર ધણી ; ખરાબ ખોલાસો કરનાર ; ગાલેબી રાખનાર ધણી. Subs. Pure—guileless masters, elucidators, expounders, truth-speakers ; misinterpreters ; those who get the upper hand.

આહુઈવાન, âhûîvân. વિ૦ એબદાર, એબ રાખનાર. Adj. Defective, faulty, ugly, deformed. (plu.)

હાને-ઈજાન, hânê-îzân. ના૦ બીજી આરાધના—વખાણ—તારીફ. Subs. A second adoration, another praise.

અહુનવેદ, ahunvêd. ના૦ એક રોજનું નામ છે કે જેને "હોનવદ" કરી કહેછે; એક ફરેસ્તાનું નામ. Subs. The name of a day called *Hônvad*, the name of an angel. Compare Av.

અ-હુનીત, a-hunit વિ૦ ભીનું—તરી—નમ વગરનું નહીં હોએ. Adj. Dry, parched up, without moisture —freshness.

અહુનવેદ-ગાસ, અહુનવેદ-ગાહ, ahunvêd-gâs, a-hunvêd-gâh. ના૦ હોનવદ ગાથા ; એક રોજનું નામ છે; હોનવદ ગાથાનો વખત; એક કવિતારૂપી બંદગીનું નામ. Subs. *Hônvad Gâthâ;* the name of a day ; the time of *Hônvad Gâthâ ;* the name of a prayer written in verse. Av.

અખુનીદન, અહુનીદન, akhunîdan, ahunîdan. ક્રિ૦ નહીં કુટવું—છુંદવું, નહીં નિચવવું—ગાલવું—તૈયાર કરવું. V. Not to pound—beat, not to squeeze—

wring, not to strain—filter, not to prepare. Priv. + = Av. Rt. (in , )

ખાને-તુમ khânê-tûm. ના૦ અંધારૂં ઘર, દોજખ. Subs. A dark house (lit.), hell.

અખુનીદે, અહુનીદે, akhunîdê, ahunîdê. ભૂ૦ કૃ૦ વિ૦ નહીં કુટેલું—ગાલેલું, નિચવ્યા વગરનું, તૈયાર કીધા વિનાનું. Past part. adj. Not pounded—strained—filtered, not squeezed, not prepared. Av.

યાવંદતર, Yâvandtar. વિ૦ વધારે મેલવનારૂં—પામનારૂં.—હાંસલ કરનારૂં. Adj. More acquiring—obtaining.

યાને-મીનશ્ની, yanê-mînashnî. ના૦ વિચારની ખુશી, દિલની ખુશી—ઈચ્છા. Subs. The pleasure of thought, the heart's desire.

હાવંદ-મીનશ્ને, hâvand-mînashnê. ના૦ એક-સરખો વિચાર, સ્થીર વિચાર, સાચો વિચાર. Subs. A similar idea, settled—cool mind, true opinion.

અહુએ મીનશ્ને, ahuêmînashnê. ના૦ સારી મનશાનીનો ધણી. Subs. A man of good intentions—thoughts.

આહનગર, âhangar. ના૦ લોહાર. Subs. A black-smith. Per. آهنگر

અહુ-વઈરીઉક, ahu-vaîrîuk. ના૦ સાહેબની મોરાદ, મોરાદનો સાહેબ, અહુનવર. Subs. The master's wish—desire; the master of the wish, *Ahunvar*.

હાવંદ-રોબાકી, hâvand-rôbâkî. વિ૦ એકસરખા

રેવાજવાળું. Adj. Having a similar custom, having an unchanged usage.

અખૂન, akhûn. ના૦ મેખ, ચુક. Subs. Peg, a nail, a pin, a tack.

અખો, akhô. ના૦ કીઆસ, દિલ, વિચાર. Subs. Reasoning, judgment, thought.

અહૂ, અહૂર, ahû, ahûr, ના૦ સાહેબ, હોરમજદ, ધણી. Subs. Lord, Ahura-Mazda, owner: Comp.

ખાઉન, khâûn. ના૦ બાજ પક્ષિ, જોસ્સાવાલો વાઘ; મસ્તાનો બબર જાનવર. Subs. A falcon, hawk, a ferocious tiger, a furious leopard.

ખાઉન, khâûn. ના૦ જે પથ્થરનાં ઈંધોરા ઉપર ઈજશ્નેના તમામ આલાતો મુકીને ઈજશ્ને કરેછે તે; ખાલેસી; દરિયો. Subs. A stone pedestal on which all the utensils used for the Yasna ceremony are placed; purity, guilelessness; the sea.

ખાને, khânê, ના૦ ઘર. Subs. A house, edifice.

હયુન, હીન, hayun, hîn. Yac. IX. ના૦ યુનાન; દુશ્મન. Subs. Greece; an enemy.

હવંન, havan. See હાવંદ, hâvand.

હાઉન, hâun. Yac. IX. ના૦ હાવનીમ, ખાંડણી, પેહેલી ઘેહ. Subs. Hâvanim. For particulars see

હાને, hânê. વિ૦ બીજું; બાકી. Adj. Another, remaining.

અહુન-વનાહ, ahun-vanâh. ના૦ બીજો ગુનાહ, બીજી મરતબેનો ગુનાહ. Subs. Another crime, a sin committed a second time. + = Pâz.

[Pahlavi], [Pahlavi] = Per. گناه = a crime. Comp. Av. [Pahlavi] + [Pahlavi]

[Pahlavi] અહૂન-ખોએ, ahûn-khôê. નાo બદખાસિયત, બુરી આદત, ખરાબ તબિયત. Subs. Evil nature, bad quality, depraved habit. [Pahlavi] + [Pahlavi] = Per. خوي

[Pahlavi] અહૂવાને, ahûvânê. નાo બદકાર, ખરાબી કરનાર. Subs. An evil-doer, one who does harm.

[Pahlavi] યઉનાને, Yaunânê. નાo યુનાન દેશનો રેહેવાસી. Subs. A native of Greece.

[Pahlavi]

[Pahlavi] હાવોનાને, hâvônânê. નાo see [Pahlavi]

[Pahlavi] આહુ-વાનીદાર, âhû-vânîdar. નાo (લોકોનું) દુઃખ—(લોકોની) મુશ્કેલી દૂર કરનાર. Subs. A destroyer of (people's) wrongs—injuries; one who removes the troubles—difficulties of men.

[Pahlavi] આહુ-વાનીદન, âhû-vânîdan. ક્રિo દુઃખ ભાંજવું, ખોડ ભાંજવી, આજાર તોડવો. V. To remove pain—illness—defect.

[Pahlavi] ખાનાદ, khânâd. ક્રિo પઢજો. V. Do recite.

[Pahlavi] આઈઈને-અર્જાસ્પ, âîînê-arjâsp. નાo પાદશાહ અરજાસ્પનાં કાએદા—ધારા. Subs. The laws of King *Arjâsp*, the customs—manners established by King *Arjâsp*.

[Pahlavi] અહોન-વદ, ahônvad. નાo ફ્લોની વૃદ્ધિનો સાહેબ. Subs. The lord of the growth and increase of fruits.

[Pahlavi] આવંદ, âvand. નાo વાસણ. Subs. A pot, a vessel.

હાનીએ, hânîê. વિ૦ બીજું. Adj. Another.

હાવન્દ, hâvand. વિ૦ બરાબર, એકસરખું. Adj. Similar, alike.

અહૂઈ, ahûî. સાહેબી, મ્હોટાઈ, નેકી. Mastery, greatness, goodness.

અહૂરી, ahurî. વિ૦ હોરમજ્દને લગતું, હોરમજ્દી. Adj. Relating to Ahura-Mazda, Ahura-Mazdian.

અહૂ-વેહ, ahû-vêh. ના૦ ભલો સાહેબ. A good master.

યાન-વની, yân-vanî. વિ૦ ખુશી ટાલનારૂં. Adj. Removing pleasure—comfort.

હાવની, hâvanî. ના૦ હાવનનો વખત. Subs. The time of *Hâvan*. For particulars see

હાઉન-ઘાહચ, hâun-ghâhcha. ના૦ હાવનનો વખતબી. Subs. Even the time of *Hâvan*. For particulars see , hâun-gâs.

અહુઈ-નીહેદ, ahuî-nîhed. ક્રિ૦ (બીજાની) ખરાબી (પોતાની તરફ) ખેંચેછે. V. Draws (towards one's self) the evils (of others), imitates others' vices.

અહૂઈહેદ, અહૂરીહેદ, ahuihêd, ahurîhed. ક્રિ૦ સાહેબી વાલું થાય. V. May become ruling.

હાન-જામે, hân-jâmê. See

હાવન્દી, hâvandî. ના૦ સરખાપણું. Subs. Resemblance, similarity.

અખૂ-વીનશનીહા, akhû-vînashnîhâ. ક્રિ૦ અ૦ દિલની નજરથી, દિલની નેગાહ રાખવાથી. Adv. With the eye of one's heart (lit.).

હાવંદચ, hâvandacha. A.V. ક્રિ૦ અ૦ બરાબર રીતે. Adv. Similarly.

જાનુનેદ, jânunêd. Pah. Shâh. ક્રિ૦ થાય, હોય. V. May become—be.

અહૂઈદન, ahûîdan. ક્રિ૦ સાહેબી કરવી; ખરાબી કરવી. V. To sway, to domineer; to do harm—injury.

અહૂ-નેરૂ, ahû-nêru. ના૦ સારી તકદીર, પુરતી શક્તિ. Subs. Good luck, sufficient strength.

આહૂ-નેરૂ, âhû-nêru. ના૦ બદજોર, ખરાબ શક્તિ, ખરાબ તકદીર. Subs. Evil power—strength, ill-fate.

અખુન-નેરૂકે, akhun-nêrukê. ના૦ પુખ્ત વિચાર, પક્કો અભિપ્રાય. Subs. Mature deliberation, ripe judgment.

હૂ-નેરૂક, hû-nêruk. ના૦ પુરતું કઉઅત, પુખ્ત જોર. Subs. Sufficient strength—energy, adequate vigour—force. + = Per. نیرو

આખો-વનાહ, âkhô-vanâh. ના૦ બુરા ગુનાહ. Subs. A bad crime.

ખાને, khâne. ના૦ ઘર, મથક. Subs. A house, residence. Per. خانه

અહુએ-કામ, ahuê-kâm. ના૦ મોરાદનો સાહેબ, ઈચ્છાનો ધણી. Subs. One master of his own wishes, one who does according to his own desires. + Av. = Sans. काम = Per. کام = desire.

હાવન-ચ, hâvana-cha. ના૦ હાવનનો વખત. Subs. The time of *Hâvangeh*.

અખુને-પરદે, akhunê-pardê. ના૦ દુનિયાંનો પરદો, ઘેરનો ઓથો. Subs. The shadow of the earth, the shade of a house.

અ-ખુનમ, a-khunam. ક્રિ૦ હું નહીં પઢું–ભણું. V. I may not learn—read—recite.

અ-હુનુમ, a-hunum. ક્રિ૦ હું હોમ નહીં કુટું. V. I may not pound *Hom*.

ખાનૂમ, khânûm. ક્રિ૦ હું પઢું—ભણું. V. I may learn—recite.

હાવનીમ, hâvanîm. See hâun.

હુનુમ, hunum. ક્રિ૦ હું હોમ કુટું. V. I may pound *Hom*.

અખુને-મીનશ્ને, akhunê-mînashnê. ના૦ વિચારનું મથક, દિલનું મથક, દુનિઆઈ વિચાર. Subs. The seat of thought, the position of the heart, worldly thought.

અહુએ-મીનશ્ને, ahuê-mînashnê. See

અ-હુએ-મીનશ્ને, a-huê-mînashnê. ના૦ ખરાબ મત—વિચાર. Subs. An evil thought, a bad—wicked conception.

યાની-મીનશ્ને, yânî-mînashnê. ના૦ મનની ખુશ હાલત, મનનો ખુશી ભરેલો જોસ્સો. Subs. A happy state of mind, a warm expression of idea.

અહુનવર, ahunvar. ના૦ એકવીસ નુસ્ક જે પેગમબર

અશો જરતોશ્ત ખોદાની દરગાહથી લાવ્યા હતા તેને કહે છે; એક બંદગીનું નામ છે, કે જેને "યથા અહૂ વઈર્યો" કરી કહેછે. એ "યથા" ખોદાતઆલાની એક કુદરત છે, કે જેમાંથી તે કીરતારે "એકવીસ નુસ્ક" પેદા કીધા, જેમાં જગતના તમામ ભેદો આવેલા છે; તે ખુબી ભરેલા એકવીસ નુસ્કનાં નામો અવસ્તા તથા પેહલવીમાં નીચે જણાવ્યા મુજબ આવેલાં છેઃ-(૧) યથા—સતુદયશ્ત; (૨) અહૂ—સતુદગર; (૩) વઈર્યો—વહીશ્તમાંથ્ર; (૪) અથા —બઘ; (૫) રતુશ—દ્વાજદેહોમાસ્ત; (૬) અષાદ—નાદુર; (૭) ચીદ—પાંચેમ; (૮) હચા—રતુશ્તાયદ; (૯) વન્હેઉશ—બરશ; (૧૦) દજદા—કશશરૂબ; (૧૧) મનન્હો—વિશ્તાસ્પ; (૧૨) શીઅઓથનનામ—ખેશ્ત; (૧૩) અંહ્હેઉશ—સફંદ; (૧૪) મજદાય—જરશ્ત; (૧૫) ક્ષથ્રેમચા—બગાનયશ્ત; (૧૬) અહુરાય—ન્યાદુમ; (૧૭) આ—દુસ્પારમ; (૧૮) યિમ—દ્વાસુર્જેદ; (૧૯) દરેગુબ્યો—અશ્કારમ; (૨૦) દડદ—જવીદ દેવદાદ (વંદીદાદ); (૨૧) વાસ્તારેમ—હાદોખ્ત. એ એકવીસ નુસ્ક ત્રણ ભાગોમાં વેહેંચાયલા હતા. પેહેલ્લા સાત નુસ્ક દીનની હકીકતથી ભરેલા હતા, કે જેમાં હોકમ, મનાઈ, ઘટતું, અંઘટતું એ બીના આવેલી હતી. બીજા સાત નુસ્કમાં તબાબત, હિકમત, તથા તમામ દુનિયાં ચલાવવાનો કારોબાર; અને ત્રીજા સાત નુસ્કમાં નજુમ, જોતિષશાસ્ત્ર, તથા સેતારા, તથા ગરેહોની ગેરદેશ વિશેનું બયાન આવેલું હતું. Subs. The name of a prayer called *yathâ;* this *yathâ* is one of the powers of God by which twenty-one *Nosks* were created. These *Nosks* contain all the mysteries of the whole universe. Their names, according to Avastâ and Pahlavi books, are as follow:—(1) Yathâ—Satud-yasht; (2) Ahû—Satudgar; (3) Vairyô—Vahîshta Mânthra; (4) Athâ—Bagha; (5) Ratush—Dvâzdêh

Hômâst; (6) Ashâd—Nâdûr; (7) Chíd—Pâchêm; (8) Hachâ—Ratûshtâyêd; (9) Vaṇheush—Barash; (10) Dazdâ—Kashasrub; (11) Manaṇhô—Vishtâsp; (12) Shyôthênanâm—Khêsht; (13) Aṇhêush—Safand; (14) Mazdâi—Zarast; (15) Khshathrêmchâ—Bagân Yasht; (16) Ahurâi—Nyâdûm; (17) Â—Huspârêm; (18) Yim—Dvâsruzêd; (19) Drêgubyô—Askâram; (20) Dadad—Javíd-dêv-dâd, (Vandidâd); (21) Vâstârêm—Hâdokht. These *Nosks* were divided into three parts:—the first seven gave an account of the Zoroastrian religion:—as, positive and negative precepts, &c., edicts and interdicts. The second seven (of these *Nosks*) treated of ethics, the medical science, philosophy, civil duties; and the last seven discoursed on astrology, astronomy, the forms and revolutions of the heavenly bodies. Av.

હોનર, hônar. ના૦ હુનર, હિકમત, સારો મારગ, નેકી, ખુબી. "હુનર"નું અસલ રૂપ એ પ્રમાણે આવેછે. Subs. Art, skill, contrivance, a good course, virtue, goodness.

અહુએ-રદ, ahûê-rad. ના૦ ધરમગુરૂઓમાં વડો, દસ્તુરાંન દસ્તુર; ખોદા. Subs. The chief amongst religious preceptors, the Dasturân Dastur; God.

અહુ-વ-રદ, ahû-va-rad. ના૦ સાહેબ અને' ગુરૂ.

Subs. The master and the religious teacher. Comp. Av. See Vend. II., para. 43.

હોનરે-તન, hônarê-tan. ના૦ બદનની કસરત, તનની ચાલાકી, તનનો હુનર. વિ૦ કસરતવાળું. Subs. Gymnastic feats, agility of the body. Adj. Skilled in gymnastic feats.

અખોએ-વર-મીનશને, akhoê-var-minashne. ના૦ અંતઃકરણ; ચેતવણી. Subs. Conscience; warning, hint.

અહુક, અહૂ, ahûk, ahû. See ahû.

આહુક, âhûk. ના૦ હરણ; એબ. Subs. A deer, an antelope; a blemish, vice. Per. آهو

ખુને, ખાને, khunê, khânê. ના૦ ઘર, મકાન, રેહેઠાણ; જાનવરનું દર. Subs. A house, abode, residence; a burrow where small animals lodge.

અએદુન-કાર, aêdun-kâr. ના૦ એવું-એ રીતનું કામ. Subs. Such a work, an action like this.

અખુનેકાર, akhunêkâr. ના૦ દુનિયાઈ કામ. Subs. Worldly affairs—business.

અહૂકાર, ahûkâr. ના૦ બદકાર, બુરૂં કામ કરનાર; બુરૂં કામ. Subs. An evil-doer, one who does wicked actions; an evil deed.

હાને-કાર, hânê-kâr. Dâd. ના૦ બીજું કામ; ઉલટું કામ, બીજો ધંધો; Subs. Another work; a contrary action, another profession.

અખુન-કામગી, akhun-kâmagî. ના૦ મોરાદી દુનિયાં, ખાકી દુનિયાં. Subs. The world of hope—(lit.), this frail world.

અહૂ-કામગી, ahû-kâmagî. ના૦ મોરાદનો ધણી. Subs. One who is the master of his wishes—desires.

અ-ખવીગી, અ-ખવગી, a-khavîgî, a-khavagî. Seros. Yt. ના૦ જાગૃત હાલત, હુશિયારી, બેદારી, સાવધપણું; વિ૦ ઉંઘ વગરનું, જાગૃત, હુશિયાર, સાવધ; Subs. Sleeplessness, wakefulness, vigilance. Adj. Sleepless, wakeful, vigilant, careful, cautious. See

અ-ખૂહી, a-khûhî. વિ૦ આદત—ટેવ વગરનું. Adj. Having no innate quality.

અહૂગી, અહુયે, ahûgî, ahuyê. ના૦ સાહેબી, મ્હોટાઈ, સરદારી. વિ૦ સાહેબીવાળું, મ્હોટાઈ રાખનારૂં. Subs. Mastery, greatness, sovereignty, command. Adj. Enjoying superiority—greatness.

ખાનેગી, khânêgî. વિ૦ ખાનગી, છુપું, મોઘમ, ભેદવાળું. Adj. Private, concealed, secret, mysterious.

ખોહી, khôhî. વિ૦ આદત-ટેવવાળું. Adj. Having innate—intrinsic qualities.

દાને-કશ, dânê-kash. Bund. ના૦ દાનાં ખેંચનાર—લઈ જનાર.* Subs. One that carries away the corn. Compare Av. Per. دانه‌کش

યાનગી, yângi. ના૦ ખુશી, મોજમજાહ. Subs. Delight, pleasure, mirth.

અહુ-કેશ્વર, ahu-kêshvar. ના૦ કેશ્વરનો ધણી, પાદશાહ. Subs. The master of a region, a king.

હાન્-કેશ્વર, hân-kêshvar. ના૦ બીજો કેશ્વર-ખંડ. Subs. Another region—continent. Comp. Av.

અહૂ-કીનીદગી, ahû-kînîdagî. ના૦ ખરાબ કરવું, Subs. Doing harm—injury.

આહૂ-કીનીદગી, âhû-kînîdagî. ના૦ એબ લગાડવી, ખોડખાંપણ કાહાડવી. Subs. Blemishing; finding fault with.

ખાનગી, khângî. See khânêgî.

અખો-કેરદાર, akhô-kêrdâr. ના૦ કએઆસ કરનાર, દુર અંદેશી કરનાર. Subs. One who reasons, a fore-sighted man.

અહૂ-કેરદાર, ahû-kêrdâr. ના૦ બદ કેરદાર, બુરાં કરતુક. Subs. An evil action, a wicked deed. Comp. Per. کردار (Rt. कृ = to do).

હૂ-કેરદાર, hû-kêrdâr. ના૦ નેક કેરદાર, સારાં કરતુક. Subs. A good action, a virtuous deed.

આહનગર, âhangar. ના૦ લોહાર. Subs. A blacksmith. Per. آهنگر Sans. अयस्कार.

આહૂગર, âhugar. ના૦ એબ કરનાર, ગીબત—નિંદાખોર પુરૂષ. Subs. One who finds fault with, a backbiter, a slanderer.

યાનગર, yângar. ના૦ ખુશી ભોગવનાર, મોજ મારનાર. Subs. One that enjoys pleasure, a pleasurist.

આહનગરી, âhangarî. ના૦ લોહારનું કામ—ધંધો. Subs. The business—work of a blacksmith.

આહૂગરી, âhûgarî. ના૦ નિંદા, બદગોઈ, ગીબત. Subs. Defamation, detraction, backbiting. See

યાનગરી, yângarî. ના૦ મોજીલાપણું. Subs. Jollity.

અહૂકેરદાર, ahûkêrdâr. ના૦ કામ કરનાર. Subs. The doer of an action.

અએદુનચ, aêdunacha. ક્રિ૦ અ૦ એ રવેશેબી, એવી રીતેબી. Adv. Even in this manner, even thus.

અએનીચ, aênîcha. ના૦ કીનોબી. Subs. Even revenge—spite.

અન્યેચ, anyêcha. વિ૦ બીજાબી, બાકીનાબી. Adj. Even others, even the remaining.

અહુનચ, ahunacha. ક્રિ૦ અ૦ બીજી મરતબે, ફરીને, એ રવેશેબી. ઉભયા૦ અ૦ તોપણ, વલી; જે કાંઈ Adv. Again, a second time, even another, even in this manner. Conj. However, also, moreover.

ઈદદેચ, idadêcha, Yt. Seros. વિ૦ અહિંયાંનું, આએ દુનિયાંનું. Adj. Of this world, sublunary.

હનચ, હાનેચ, hanacha, hânêcha. Dâd., Nêrang. ક્રિ૦ અ૦ એ વતરોગે—શિવાય, ત્યારે ખસુસન, જ્યાંહાં સુધી, હજુવેર. સર્વ૦ બીજું, કોઈબી, વલી બીજું. Adv. Except—besides this, certainly then, as long as, till now, as yet. Pron. Another, second, anyone, even another.

હેનચ, hênacha. ના૦ ફોજ, લશકર. Subs. An army, a force. Av.

હાનચ-અઈર, hânacha-aîr. Dink. ના૦ બીજા દીનદારબી. Subs. Even other religious—devout persons.

હુર-ચેહેર, હુ-ચેહેર, hur-chêhêr, hu-chêhêr. Dink. વિ૦ સૂરજના ચેહેરાનું, રોશન ચેહેરાનું, સારા ચેહેરાનું. Subs. Having the face like the sun, having a beautiful—beaming appearance, having good features.

આહનજીદાર, âhanjîdâr. ના૦ ખેંચનાર, તાણનાર. Subs. One who pulls—stretches.

અયુજશ્ને, ayujashnê. ના૦ ઊઠાવવું, ઊઠાવવાનું કામ. Subs. Act of raising—lifting up.

આહન-જશ્ને, âhan-jashnê. ના૦ ખેંચાણ, તાંણ, આકર્ષણ. Subs. Pulling, stretching, attraction.

અહુનજીદન, ahunjîdan. ક્રિ૦ હાંકવું, હાંકી કાઢવું, દૂર કરવું, ખેંચવું, હીલવવું, લટકાવવું. V. To drive, to drive away, to avoid, to pull, to shake, to hang up, to suspend.

આહનજીદન, âhanjîdan. ક્રિ૦ પીવું ; ખેંચવું, તાંણવું. V. To drink ; to pull, to stretch. Comp. Av. + (in——see Vend. IX., paras. 9 and 10).

અયુજમ, યઅઉજમ, ayujam, yaaujam. Dink.

ક્રિ૦ કોશેશ—મેહેનતકરૂં. V. I may endeavour—work.

હાન-ચમ, hân-cham. ક્રિ૦ અ૦ બીજા કેટલા? બીજા શા સારૂ? ફરી કાંએ? બીજી મરતબે કાંએ? ના૦ બીજો સબબ. Adv. How many others? why others? why once more—again? why a second time? Subs. Another reason—cause.

અહુનચ-મરા, ahunacha-marâ. ક્રિ૦ અ૦ એ પ્રમાણે મને. Adv. In this manner to me.

હાન-ચમ-રા, hân-cham-râ. ક્રિ૦ અ૦ બીજાં કેટલાંને, બીજાં કારણોને માટે. Adv. To how many others? for other reasons.

હાન-ચ-મરા, hân-cha-marâ. બીજુંબી માહારે માટે, બીજું મહનેબી. Even something also for me, even anything else to me.

અહુ-નેજારી, ahu-nêzârî. Dâd. ના૦ અતિશય નાતવાની, ખરાબ નાતવાની. Subs. Excessive weakness—debility, dangerous infirmity.

અહનવત, ahanvat. ના૦ અહુન્વદગાથા; છઠા ગાહાંમબારનાં પેહેલ્લા રોજનું નામ; પેહેલ્લા ગાથાનું નામ. Subs. The *Ahunvad Gâthâ*; the name of the first day of the sixth Gâhâmbâr; the name of the first Gâthâ.

આહન-વદાખ્તે, âhan-vadâkhtê. ના૦ પીગલેલી ધાતુ; પીગલેલું લોઢું. Subs. Melted metal, melted iron.

આહને—તાવીદન, âhanê-tâvîdan. ક્રિ૦ લોઢું ગરમ કરવું—ગારવું. V. To make iron hot, to purify iron.

અહુન્વદ, ahunvad. See , ahanvat.

અહુ-તનું, ahu-tanu. ના૦ રોગી તન, બદશિકલ શરીર; નાપાક તન. Subs. A diseased body, an ugly body, an impure—defiled body.

અહુનતન, ahunatan. ક્રિ૦ પકડવું, ધરવું. V. To catch, to hold, to seize, to arrest, to catch hold of.

ખાન્દન, khândan. ક્રિ૦ પઢવું, વાંચવું, અભ્યાસ કરવો. V. To learn, to study, to recite, to read.

ખુનતન, khunatan. ક્રિ૦ હોમ કુટવો. V. To pound *Hôm*.

હાન-તનુ, han-tanu. ના૦ બીજું તન—માણસ. Subs. Another body—person.

અખુન્દે, akhundê. વિ૦ સ્વાદિષ્ટ નહીં કીધેલું; નહીં ભરડેલું, છાલાં સાથનું. Adj. Not made palatable—tasteable, not ground coarsely or roughly, not husked.

અ-ખુન્દે, a-khundê. Vand. VII. વિ૦ નહીં દલેલું—પીસેલું, બારીક નહીં કીધેલું. Adj. Not ground, not reduced to powder.

હાનતે, hântê. ના૦ વાંઝણી ઓરત, વિધવા, રંડાએલી ઓરત. Subs. A barren woman, a widow. Pâz.

આહુઅદપઈતી, âhuadpaitî. Yas. XL. ના૦ "યસ્નેમ સૂઈરીમ" ની બંદગીનાં છઠ્ઠા હાનું નામ છે; યજશ્નેના

ચાલીસમાં હાનું નામ. Subs. The name of the sixth section of the prayer called "*Yasnêm-Sûirîm;*" the 40th chapter of Yasna. Av.

અહુઈવાન, ahuivân. ના૦ સાહેબી કરનારા, મ્હોટાઈ ભોગવનારા. Subs. Those who exercise authority, those who enjoy greatness.

અહુવાન, ahuvân. ના૦ ફેરફાર. ક્રિ૦ અ૦ ઉલટ-પાલટ. Subs. Alteration. Adv. Upside down, in confusion.

ખાનેવાન, khânêvân. ના૦ ઘરધણી, ઘરવાલો. Subs. The master of a house, a landlord.

યાનવાન, yânvân. ના૦ ખુશી ભોગવનારા. Subs. Those that enjoy pleasure.

અહૂ-પાને, ahû-pânê. ના૦ પાસબાંની કરનાર ધણી, વાલી, રખેવાલ. Subs. A protector, a guardian, a warder.

અહૂવાન, ahûvân. Dink. ના૦ ફેરફાર; સાહેબો, ધણીઓ. Subs. Change, alteration; lords, masters.

આહૂવાન, ના૦ એબદાર, એબીઅલ, અસલ ચીજમાં ખામી થવી; ફેરફાર. Subs. Those that are deformed—ugly—full of blemishes; change, alteration.

અ-ખ્વફ્ને, a-khvafnê. વિ૦ જાગૃત, હુશિયાર, સજાગરૂં. Adj. Sleepless, wakeful, vigilant.

અહુનવત, ahunvat. See , ahunvêd.

અહૂપત, ahûpat. ના૦ દસ્તુર. Subs. A Parsi high-priest, *Dastur*.

આહૂપત, âhûpat. ના૦ ખોડખાપણનો ધણી, એબિયલ માણસ. Subs. One who is full of vices—defects, an ugly person.

અહુનવદ-ગાહ, ahunvad-gâh. Nêrang. See ahunvêdgâs.

અ-હૂફ્તન, a-hûftan. ક્રિ૦ નાખુશ કરવું, સારૂં નહીં કરવું; મજબુત નહીં કરવું. V. To displease, not to do good; not to make firm—strong.

અ-ખુરમ, a-khuram. વિ૦ નાખુશ, દલગીર. Adj. Not cheerful, sad. Comp. Per. خرم

ખુરમ, khuram. વિ૦ ખુશ, મગન. Adj. Cheerful, delighted.

ખાનેમાન, khânêmân. ના૦ ઘેરનો સરસામાન. Subs. The furniture—moveables of a house.

હાન-માન, hân-mân. ના૦ બીજું ઘર, પરાયું ઘર. Subs. Another house, a house pertaining to some other person.

